
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૯ મો.

સંવત ૧૯૯૮
ચૈત્ર.



સિંહપુરી શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ચાર કલ્યાણકભૂમિ.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. શ્રી મહાવીર પ્રાર્થના ... ... ... ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૧૯૭
૨. સમયધર્મ ... ... ... ... ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૧૯૮
૩. નવપદ સ્તવન ... ... ... ... ... .. ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૧૯૯
૪. શ્રી સિદ્ધસ્તોત્ર ... ... ... ... ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૨૦૦
૫. શ્રી શ્રુતજ્ઞાન ... .... ... ... .... ... ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) ૨૦૨
૬. તાત્ત્વિક વિચારણા ... ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૨૦૫
૭. મહાવીર જિન સ્તવન... ... ... ... ... ... ... ... ... ( સુયશ ) ૨૦૮
૮. તાત્ત્વિક ઉપદેશવચન ... ... (સં. ને યો. મુનિશ્રી પુણ્યવિજયઃ સંવિજ્ઞપાક્ષિક ) ૨૦૯
૯. દિવાલીદિન શ્રી વીરજિન સ્તવન ... ... ... .... ... ... ... ( સુયશ ) ૨૧૧
૧૦. "હે ચેતન ! આત્મસુખને પામ "... .... ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૨૧૨
૧૧. શ્રી મુનિસુંદરસૂરિ ... ( મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલએલ. બી. એડવોકેટ) ૨૧૩
૧૨. સાચો શ્રમણ ... ... ... ... ... ... ... ( શ્રીમાન કુંદકુંદાચાર્ય. ) ૨૧૬
૧૩. વર્તમાન સમાચાર ( પંજાબ સમાચાર ) ... ... ... ... ... ... ૨૧૭



## શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

( શ્રી વર્દ્ધમાનસૂરિકૃત. )

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્દ્ધમાનસૂરિજી**એ સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ શુદ્ધ સિદ્ધ થયેલી આત્મસત્તાની અપેક્ષાએ સિદ્ધને સત્સ્વરૂપી કહ્યા તે યથાર્થ છે. આમ સંક્ષેપમાં સચ્ચિદાનંદ સ્વરૂપનું દિગ્દર્શન કર્યું.

**વિશ્વવેદીપણું**—વળી અરૂપી છે છતાં તે અખિલ વિશ્વનું સ્વરૂપ નિહાળી રહ્યા છે તે મહાઆશ્ચર્યવાર્તા છે. પ્રથમ દષ્ટિએ અરૂપી રૂપીને ગ્રહે એ ઉપલકભાવે કોયડા જેવું ( Paradox ) જણાય છે.

**'ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત.'**

પણ આ બધો મહાપ્રભાવ કેવળજ્ઞાનનો છે, કે જેના એક દેશમાં આખું જગત્–અનંત આકાશમાં એક નક્ષત્ર જેવું—પ્રતિભાસે છે.

" गयणि अणंति जि एक्क उडु, जेहउ भुअणु विहाइ ।
मुक्कहं जसु पए बिंबियउ, सो परमप्पु अणाइ ॥ "

—શ્રી યોગીંદ્રદેવજીકૃત પરમાત્મપ્રકાશ.

" ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये । "

—શ્રી વિદ્યાનંદસ્વામીકૃત આપ્તપરીક્ષા.

**અરૂપી-અતીંદ્રિય**—સિદ્ધ ભગવાનનું સ્વરૂપ અતીંદ્રિય છે. ઇંદ્રિય નોઇંદ્રિયથી જે ગ્રહી ન શકાય તે અતીંદ્રિય કહેવાય છે. પ્રત્યેક ઇંદ્રિયને પોતપોતાના રસ-સ્પર્શ આદિ પ્રતિનિયત વિષયનું ભાન હોય છે, અને તે પણ યંત્રવાહકની–આત્માની પ્રેરણા હોય તો જ તો પછી અરસ, અસ્પર્શ, અગંધ, અવર્ણ, અશબ્દ, અલિંગગ્રહણ, અસંસ્થાન એવા ચૈતન્યવંત આત્માને ઇંદ્રિયો કેમ ગ્રહી શકે ? ન જ ગ્રહી શકે.

" अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥ "

—શ્રી કુંદકુંદસ્વામીકૃત સમયસાર.

**દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ; આત્માની સત્તાવડે, તેહ પ્રવર્ત્તે જાણ."**

—શ્રીમદ્ રાજચંદ્રજીકૃત આત્મસિદ્ધિ.

આમ ઇંદ્રિયોથી અગ્રાહ્ય–અતીંદ્રિય સિદ્ધ આત્માનું સ્વરૂપ યોગીજ્ઞાનૈકગમ્ય છે.

**અક્ષર**—સિદ્ધ ભગવાન્ અક્ષર–અવ્યય-શાશ્વત છે. સિદ્ધિ થયા પછી કદી પણ સંસૃતિમાં ભમવું પડતું નથી. " કલ્પશત ગયે જગત્ શૂન્ય થાય છે, પછી સદાશિવને જગત્‌રચના વિષયે ચિંતા થાય છે, એટલે પછી મુક્તિગત જીવોને કર્માંજનનો સંયોગ કરી, સંસારે પતન કરે છે."—એમ નૈયાયિકો કહે છે, તે અસત્ કલ્પના માત્ર છે.

**અજન્મા**—સિદ્ધ ભગવાન્ અજન્મા–અજ છે, તેમને કદી પણ જન્મ ધારણ કરવો પડતો નથી, કારણ કે તેના મૂલકારણરૂપ કર્મનો નિરવશેષ નાશ થયો છે. ઉપલક્ષણથી જન્મ નથી, એટલે મરણ આદિ પણ નથી. આ ' અજ ' વિશેષણથી અવતારવાદનું નિરસન થાય છે.

આવા ઉક્ત વિશેષણોથી વિભૂષિત સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો ! [ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન.

લેખકઃ—પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૧૬૧ થી શરૂ. )

**સાદિ-અનાદિ શ્રુત-**

અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર દેવના શાસનમાં મુખ્ય બે નયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. **૧. દ્રવ્યાસ્તિક નય** અને **૨. પર્યાયાસ્તિક નય.** દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ "**न सतः सर्वथा नाशः, नाऽप्येकान्तेनाऽसत उत्पादः**" ઇત્યાદિ આપ્તવાક્યોને અનુસારે "વિદ્યમાન વસ્તુનો સર્વથા નાશ નથી, તેમજ એકાન્તે અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ પણ નથી." આ મંતવ્ય પ્રમાણે દ્રવ્યનયની અપેક્ષાએ 'શ્રુત' અનાદિ-અનન્ત છે, અર્થાત્ પ્રવાહની અપેક્ષાએ શ્રુત અનાદિકાલીન છે અને અનંત કાલ સુધી રહેવાનું છે. પર્યાય નયની અપેક્ષાએ 'શ્રુત' સાદિ-સાન્ત છે. એટલે કે એક વ્યક્તિ વિગેરેની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની આદિ છે અને અંત પણ છે.

એ જ વસ્તુ જુદી રીતે સ્પષ્ટપણે વિચારીએ-

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવ એ ચારે અપેક્ષાએ શ્રુતજ્ઞાનનું સાદિ-સાન્તપણું આ પ્રમાણે-

દ્રવ્યમાં-એક પુરુષ જે કાંઇ નવીન જ્ઞાન પ્રાપ્ત કરે તે વખતે તે જ્ઞાનની શરુઆત, અને આગળ જણાવવામાં આવતા પાંચ કારણોવડે એ શ્રુતજ્ઞાનનો વિનાશ થાય ત્યારે અંત.

**શ્રુતજ્ઞાનનો વિનાશ થવાના પાંચ કારણો-**

૧. મનુષ્યના ભવમાંથી દેવાદિ અન્ય ભવની પ્રાપ્તિ, ૨. મનુષ્યના ભવમાં જ શરીરમાં રોગની ઉત્પત્તિ, ૩. પ્રમાદ, ૪. કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને ૫. સમ્યગ્દર્શનને વમીને મિથ્યાત્વે જવું. આ પાંચ કારણોવડે શ્રુતજ્ઞાનનો વિનાશ થાય છે. જે માટે કહ્યું છે કે-

**पणगं खलु पडिवाए तत्थेगो देवभावमासज्ज।**
**मणुए रोग-पमाया-केवल-मिच्छत्तगमणे वा ॥१॥**

[ बृहत्कल्प ]

**એ પાંચ કારણો પૈકી પ્રથમ કારણનું સ્પષ્ટીકરણ-**

શ્રુતકેવલી અર્થાત્ ચૌદ પૂર્વધર મહાત્મા સ્વ-આયુષ્ય પૂર્ણ થયા બાદ જો દેવભવમાં ઉત્પન્ન થાય તો ત્યાં ચૌદે પૂર્વનું શ્રુત તેઓને યાદ ન હોય. વિષય તેમજ પ્રમાદનુ પરાધીનપણું અને તેવા પ્રકારના ઉપયોગના અભાવે દેવભવમાં માનવભવને વિષે પ્રાપ્ત કરેલું ચૌદે પૂર્વનું શ્રુત સ્મરણમાં ન આવી શકે. સામાન્ય રીતે વિચારાય તો દુઃખના અતિરેકમાં સુજ્ઞ મનુષ્યોની બુધ્ધિ પણ કુંઠિત થઇ જાય છે. જગતમાં મરણ સરખું બીજું કોઇ પણ ઉત્કૃષ્ટ દુઃખ નથી. યદ્યપિ શ્રુતકેવલીની હદે પહોંચેલા મહાત્માઓ મરણના દુઃખને દુઃખ તરીકે ન ગણે તો પણ એ દુઃખ અમુક અંશે પોતાનો અનુભવ આપ્યા સિવાય રહેતું નથી, તેથી તેમજ દેવલોકમાં ઉત્પન્ન થયા બાદ બહુલતાએ વિષય-પ્રમાદનું જોર હોવાથી અને વિષય-પ્રમાદ શ્રુતજ્ઞાનના વિઘાતક હોવાથી માનવભવમાં શ્રુતજ્ઞાનનો જે ક્ષયોપશમ હોય છે તે ક્ષયોપશમ દેવભવમાં ટકી શકતો નથી. તેથી મનુષ્યના ભવમાં સર્વવિરતિ વિગેરે ઉચ્ચ કક્ષાના આત્મિક સાધનોથી ચૌદ પૂર્વના જ્ઞાનની જે પ્રાપ્તિ થયેલી હોય તે શ્રુતજ્ઞાનનો દેવભવમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવ હોય છે. મનુષ્યના ભવમાં પ્રાપ્ત કરેલું શ્રુતજ્ઞાન દેવભવમાં વધુમાં વધુ હોય તો આચારાંગ પ્રમુખ અગિયાર અંગનું જ્ઞાન હોય છે, કોઇ આત્માને અગિયાર અંગથી પણ અલ્પ હોય છે, પરંતુ દૃષ્ટિવાદ સ્વરૂપ બારમા અંગનું તેમજ બારમા અંગના પરિકર્મ, સૂત્ર, પૂર્વાનુયોગ, પૂર્વગત અને ચૂલિકાસ્વરૂપ પાંચ વિભાગો પૈકી એક પણ વિભાગનું જ્ઞાન ટકી શકતું નથી.

મનુષ્યભવમાંથી સમ્યગ્દર્શન સાથે દેવભવમાં ઉત્પન્ન થાય તો પણ ઉપર જણાવ્યા પ્રમાણે માનવ પ્રાપ્ત કરેલા શ્રુતજ્ઞાનનો વિઘાત થાય છે, તો પછી માનવભવમાંથી પુનઃ મનુષ્ય થાય અથવા નારક કિંવા તિર્યંચપણે ઉત્પન્ન થાય ત્યાં તો માનવભવમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન સંપૂર્ણપણે હોય જ ક્યાંથી? અર્થાત્ અવશ્ય તે જ્ઞાનમાં વિઘાત પહોંચે છે. (૧)

## શ્રુતજ્ઞાનનો વિનાશ થવામાં બાકીના ચાર કારણો—

મનુષ્યના ભવમાં ક્ષયોપશમની વૃદ્ધિ થતાં યાવત્ શ્રુતકેવલીની હદે જ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારબાદ અશાતાવેદનીયના ઉદયથી શરીરમાં કોઇ રોગવિશેષ ઉત્પન્ન થયો, પૂર્વકાલમાં અભ્યસ્ત થયેલું શ્રુત રોગની પીડાને અંગે સ્મૃતિ હણાઇ જવાથી યાદીમાં નથી આવી શકતું, જેનો અનુભવ આપણને પણ ઘણી વખત સ્પષ્ટપણે થાય છે. (૨). ગમે તેટલું શ્રુત પ્રાપ્ત કરેલું હોય, પરંતુ તેનું પુનરાવર્ત્તન ન થાય અર્થાત્ વારંવાર તેનું ચિંતન, મનન અને આવર્ત્તન ન કરવામાં આવે તો અભ્યસ્ત થયેલાં શાસ્ત્રો પણ અલ્પકાલમાં ભુલાઇ જવાય છે. (૩) જ્યારે આત્મા ઉત્તરોત્તર ગુણસ્થાનકની ભૂમિકા ઉપર આરોહણ કરે, ક્ષપકશ્રેણિ ઉપર ચઢવાપૂર્વક ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે પણ શ્રુતજ્ઞાનનો વિનાશ થાય છે. કારણ કે–" नट्ठम्मि उ छाउमत्थिए नाणे" છાદ્મસ્થિક મતિશ્રુતાદિ જ્ઞાન નાશ પામે ત્યારે જ કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, એવું નંદીસૂત્રનું વચન છે. ક્ષાયોપશમિક ભાવનું જ્ઞાન જ્યાં સુધી હોય ત્યાં સુધી ક્ષાયિકભાવનું જ્ઞાન ઉત્પન્ન થઇ શકતું નથી. જ્ઞાન દર્શન ચારિત્રાદિ આત્માના ગુણો પૈકી કોઇ પણ એક વિવક્ષિત ગુણને અંગે ક્ષાયોપશમિક--ક્ષાયિકાદિ બે ભાવો એક સાથે રહી શકતા જ નથી. ક્ષયોપશમ ભાવ વિનાશ પામે ત્યારે જ ક્ષાયિકભાવ પેદા થાય છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચારે જ્ઞાન ક્ષયોપશમભાવના કહ્યાં છે. એ જ્ઞાનનો વિનાશ થાય ત્યારે જ ક્ષાયિક ભાવનું પંચમ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. (૪) અને શ્રુતજ્ઞાનના વિનાશનું પંચમ કારણ સમ્યગ્દર્શનમાંથી ભ્રષ્ટ થઇ મિથ્યાત્વની પ્રાપ્તિ થવી તે છે. જ્યાં સુધી દર્શનમોહનીયના ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયના કારણે આત્મા સમકિતવંત હોય છે ત્યાં સુધી તે આત્માનું થોડું કે ઘણું જાણપણું સમ્યગ્જ્ઞાનની કોટિમાં ગણાય છે અને અનંતાનુબંધી કષાયોદય વિગેરે હેતુઓથી જે અવસરે મિથ્યાત્વમોહના ઉદય થવા સાથે આત્મા મિથ્યાદૃષ્ટિ બને છે તે અવસરે તે આત્માનું અલ્પ કિંવા અધિક જાણપણું અજ્ઞાન (કુત્સિત જ્ઞાન)ની કોટિમાં ગણાય છે.

## મિથ્યાદૃષ્ટિના બોધને અજ્ઞાન માનવાના હેતુઓ—

**શંકા**–મિથ્યાદૃષ્ટિ ઘટ–પટાદિ પદાર્થોને તે રૂપે જાણે છે–જુએ છે અને સમ્યગ્દૃષ્ટિ પણ ઘટ–પટાદિ પદાર્થોને તે સ્વરૂપે અનુભવે છે તો પછી મિથ્યાદૃષ્ટિના જાણપણાને 'અજ્ઞાન' અને સમ્યગ્દૃષ્ટિના જાણપણાને 'સમ્યગ્જ્ઞાન' કહેવાનું શું પ્રયોજન છે?

**સમાધાન**–ઘટ-પટાદિ પદાર્થોનું વ્યવહારમાત્રથી ઘટ-પટાદિરૂપે મિથ્યાદૃષ્ટિ આત્માનું જાણપણું નિશ્ચયથી તો અજ્ઞાન જ છે, કારણ કે મિથ્યાદૃષ્ટિ 'ઘટ' ને દેખતાં 'આ સર્વ પ્રકારે ઘડો જ છે' એ પ્રમાણે બોલતો હોવાથી ઘટમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટના પણ કેટલાક ધર્મો રહેલા હોય છે તેનો અભાવ માને છે. જેમ ઘટમાં સત્ત્વ-પ્રમેયત્વ-મૂર્ત્તત્વ વિગેરે ધર્મો છે, તે જ ધર્મો પટમાં પણ રહેલા છે, જેમ ઘટમાં સ્તમ્ભપણું-કમળપણું વિગેરે ધર્મો નથી તેમ પટમાં પણ તે ધર્મો નથી. આ અપેક્ષાએ ઘટના અમુક ધર્મો પટમાં પણ અવશ્ય રહેલા જ છે, "આ સર્વ પ્રકારે ઘડો જ છે" એવું પ્રતિપાદન કરવામાં ઘટમાં વર્તતા પટના અમુક ધર્મોનું પ્રતિપાદન થતું નથી એથી મિથ્યાદષ્ટિ ઘટને ઘટરૂપે જાણ-જુએ તો પણ તેનું જાણપણું અજ્ઞાનની કોટિમાં ગણાય છે અને સમ્યગ્દષ્ટિ આત્મા "આ સર્વ પ્રકારે ઘડો જ છે" એવું પ્રતિપાદન ન કરતાં "કોઇક પ્રકારે આ ઘડો જ છે" ઇત્યાકારક પ્રતિપાદન કરતો હોવાથી ઘટમાં વર્ત્તતાં પટના પણ અમુક સત્ત્વ-પ્રેમયત્વાદિ ધર્મોનું અસ્તિત્વ સ્વીકારે છે. અથી તેના જાણપણાને જ્ઞાનની ગણતરીમાં મૂકવામાં આવે છે.

વળી સમ્યગ્દષ્ટિનું થોડું પણ જ્ઞાન ભવક્ષય અર્થાત્ મોક્ષ માટે પ્રયત્નવાળું હોય છે, તે જ્ઞાનવડે "મારો આત્મા સર્વથા કર્મનો ક્ષય કરી કેવી રીતે મોક્ષ પ્રાપ્ત કરે ?" એવા પ્રકારનું જ હંમેશાં ચિંતન ચાલ્યા કરે છે, જ્યારે મિથ્યાદષ્ટિ આત્માનું અલ્પ કિંવા અધિક જ્ઞાન ભવપરંપરાને વધારનારું હોય છે, પોતાના જાણપણાવડે આરંભ પરિગ્રહના સાધનો વધારતો જાય છે. એથી પણ સમ્યગ્દષ્ટિના બોધને જ્ઞાન અને મિથ્યાદષ્ટિના બોધને અજ્ઞાન કહેવામાં આવે છે.

વળી પશુવધ, જલસ્નાનાદિ સંસારવૃધ્ધિના હેતુઓમાં મોક્ષહેતુની બુધ્ધિ અને દયા, ઉપશમ, બ્રહ્મચર્યાદિ મોક્ષહેતુઓમાં સંસારવૃધ્ધિના હેતુઓની મરજી મુજબ કલ્પના થતી હોવાથી પણ મિથ્યાદષ્ટિના બોધને અજ્ઞાન તરીકે કહેવાય છે, તેમજ જ્ઞાનનું ફળ જે વિરતિ તે મિથ્યાદષ્ટિને ન હોવાથી પણ મિથ્યાદષ્ટિના જ્ઞાનને જ્ઞાનમહિં પણ અજ્ઞાનરૂપે કથન કરવામાં આવે છે.

ઉપર જણાવેલા પાંચ કારણોવડે શ્રુતજ્ઞાનનો જો વિનાશ થાય છે તો અહિં શંકા થવાનો સંભવ છે કે-શ્રુતજ્ઞાન જીવથી ભિન્ન છે કે અભિન્ન છે ? અહિં તાત્પર્ય એ છે કે-જ્ઞાન એ આત્માનો ગુણ હોવાથી તેને આત્માથી સર્વથા ભિન્ન તો માની શકાય નહિ અને જો અભિન્ન હોય તો તેનો વિનાશ કેમ થાય ? એના સમાધાનમાં સમજવું જોઇએ કે-શ્રુત એ તો નિશ્ચયથી જીવસ્વરૂપ છે, કારણ કે શ્રુતજ્ઞાન એ જીવનો પરિણામ છે. અર્થાત્ જ્યાં જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં ત્યાં નિશ્ચયથી જીવ છે, પણ જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં દરેક જીવમાં શ્રુતજ્ઞાન અવશ્ય હોય જ એવો એકાન્ત નિયમ નથી. કોઇ વખતે જીવ જો સમ્યગદષ્ટિ હોય તો શ્રુતજ્ઞાનવાળો હોય, મિથ્યાદષ્ટિ હોય તો શ્રુત-અજ્ઞાની હોય અને ઘાતીકર્મનો ક્ષય થયો હોય તો અર્થાત્ ભવસ્થ કેવલી અથવા સિધ્ધ કેવલી ભગવંતોને શ્રુતજ્ઞાન ન હોય પરંતુ કેવલજ્ઞાન હોય છે.

આ પ્રમાણે દ્રવ્યની અપેક્ષાએ શ્રુતજ્ઞાનનું સાદિ-સાન્તપણું જણાવ્યું. હવે ક્ષેત્ર, કાળ અને ભાવથી શ્રુતનું સાદિસાન્તપણું કેવી રીતે છે ? તે જણાવવામાં આવે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તાત્ત્વિક વિચારણા.

લે: આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

**પરમજ્ઞાની** પરમ પુરુષોના જ્ઞાનમાં આખાયે સંસારના જડ-ચૈતન્યની અનાદિ અનંત, સાદિ અનંત, સાદિ સાન્ત અને અનાદિ સાન્ત ફરશનાઓ સ્વચ્છ પ્રકાશી રહી છે. પુદ્ગલ સ્કંધોના બનેલા આ દેહની પ્રત્યેક ક્ષણની ફરશનાઓ સમાપ્ત થશે એટલે ચૈતન્ય દેહથી તત્કાળ છૂટો પડી જશે અને દેહનો વિલય થઇ જશે. જડ તથા ચૈતન્યની જે સમયે, જે સ્વરૂપે, જે ક્ષેત્રની સ્પર્શના થાય છે તે જ ક્ષેત્રની તે જ સ્વરૂપે ફરીને સ્પર્શના થઈ શકતી નથી. અનાદિ કાળથી સ્વતઃ ઘડાએલો આ નિયમ સંસારને બહુ સારી રીતે વ્યવસ્થિત કરે છે. આ નિયમથી જ આખાય સંસારનું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે. સંસારની બધીય વિશિષ્ટતા આ નિયમને અનુસરીને જ છે. સંસારી જીવોના અવાસ્તવિક સુખ અને આનંદનો આધાર પણ આ નિયમ ઉપર જ છે.

જગત ક્ષણવિનશ્વર છે, માટે સંસારી જીવોને સંસારમાં નવીનતાનો ભાસ થવાથી સુખ તથા આનંદ અનુભવાય છે. જો જે સ્વરૂપે થયેલી ફરશના પાછી તે જ રૂપે થાય તો મરી ગયેલા પાછા જીવતા થાય, અને મુક્ત થયેલાઓને સંસારમાં જન્મ ધારણ કરીને પાછું રઝળવું પડે, ક્ષણિક જગત અક્ષણિક થઇ જાય.

જે જન્મે છે તે જ મરતો નથી, મરનાર બીજો છે. જે માંદો પડ્યો હોય તે સાજો થતો નથી. માંદો પડનાર જુદો હતો અને સાજો થનાર જુદો જ છે. જે શ્રીમંત હતો તે ગરીબ થયો નથી અને જે ગરીબ હતો તે શ્રીમંત થયો નથી. જો કે આ ક્ષણિકતા બૌદ્ધોનું બળ વધારનારી છે છતાં છે સર્વવ્યાપી. આ ક્ષણિકતા સર્વ પદાર્થોને માન્ય રાખવી પડે છે અને જો માન્યતા ન રાખે તો પદાર્થો પોતાનું સ્વરૂપ ખોઇ બેસે છે.

આત્મા એક જ વસ્તુને જાણે, પણ અનંતી વસ્તુઓને ન જાણી શકે. અનેક રૂપે રહેલું જગત એક જ રૂપે દેખાય; માટે જ દરેક વસ્તુમાં ક્ષણિકતા તો રહેલી જ છે. આધાર તે વસ્તુ-દ્રવ્ય અને આધેય તે ક્ષણિકના પર્યાય. જે પર્યાય વ્યતીત થાય તે જ પર્યાય પાછો આવતો નથી અને પર્યાયને આશ્રયીને વસ્તુ ભિન્ન ભિન્ન અનેક રૂપે રહેવાની જ, માટે પર્યાયો તરફ લક્ષ ન આપતાં દ્રવ્ય તરફ લક્ષ્ય આપવું. પર્યાયોને ગ્રહણ ન કરતાં દ્રવ્યની શુદ્ધ દશા વિચારી તેને જ અગ્રસ્થાન આપવું. પર્યાયોના પ્રપંચમાં ન મુંઝાવું તે જ જ્ઞાની પુરુષોનું ભૂષણ છે અને વિકાસની શરુઆત છે.

પર્યાયો માત્ર વ્યવહારમાં વર્તવાને જ ઉપયોગી છે પણ દ્રવ્ય તો ખાસ સ્વરૂપ જ છે અને ત્રણે કાળમાં એકરૂપે રહેતું હોવાથી શુદ્ધ સ્વરૂપ છે; માટે જ દ્રવ્યમાં અડોળવૃત્તિ છે અને પર્યાયોમાં ડોળવૃત્તિ છે. દ્રવ્ય એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, પર્યાય અનેક છે. પર્યાયદૃષ્ટિમાં ડહોળાણુ થવાથી મલિનતા રહેવાની જ અને દ્રવ્યદૃષ્ટિમાં હલચલ ન હોવાથી સ્વચ્છતા રહેવાની-જ. અનેક રૂપને ધારણ કરનાર બહુરૂપી ગમે તેટલાં રૂપ બનાવી વ્યવહારમાં વર્તે છતાં નિશ્ચયથી પોતાને સારી રીતે જાણે છે કે હું તો પ્રાણશંકર નામનો તરગાળો છું. તેવી જ રીતે તમે ચારે ગતિમાં ગમે તેટલાં રૂપ ધારણ કરી સંસારની વ્યવહારરાશિમાં ઓળખાઓ પણ તમારે તો નિશ્ચયથી પોતાને શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રમય સદ્દચિદાનંદ સ્વરૂપથી જ ઓળખવું જોઇએ. પર્યાયદૃષ્ટિ વિરક્તભાવ ઉત્પન્ન કરવાને ઉપયોગી છે. દ્રવ્યદૃષ્ટિ ( સ્વસ્વરૂપમાં ) સ્થિર કરવાને અદ્વિતીય કારણ છે. બાકી તો પર્યાયદૃષ્ટિપણું સર્વથા ત્યાજ્ય છે, કારણ કે પર્યાય તે વિકૃતિ છે અને દ્રવ્ય તે પ્રકૃતિ છે. આ સ્થળે આટલી વાત ખાસ જાણવા જેવી છે કે આત્મદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો સંયોગ હોવાથી આત્માના સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એમ બે પ્રકારના પર્યાય આત્મામાં રહેલા છે. કર્મદ્રવ્યના પર્યાય તે વિભાવપર્યાય અને આત્મદ્રવ્યના પર્યાય તે સ્વભાવપર્યાય. કર્મનો વિયોગ થયા પછી આત્મામાં વિભાવપર્યાય રહેતા નથી અને તેથી કંઇ આત્માનું બગડતું નથી પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. આત્માના અસ્તિત્વનું સૂચક કેવળ સ્વભાવપર્યાય જ રહી જાય છે. આ સ્વભાવપર્યાયોનો દ્રવ્યથી વિયોગ થઈ શકતો નથી અને તે પ્રકૃતિસ્વરૂપ કહેવાય છે અને પરપર્યાય તે વિકૃતિસ્વરૂપ છે. આત્મામાં રહેલા સ્વભાવ અને વિભાવસ્વરૂપ પર્યાયો ભિન્નભિન્ન રહીને પોતાનું કાર્ય કર્યે જાય છે. અનંતાનંત વિભાવપર્યાયો આત્માના સ્વભાવપર્યાયમાં લેશ માત્ર પણ પરિવર્તન કરી શકતા નથી. અર્થાત્ પોતાના સ્વરૂપમાં જરા પણ ભેળવી શકતા નથી. પર્યાયથી દ્રવ્ય જુદું નથી અને દ્રવ્યથી પર્યાય જુદા નથી. આ નિયમ સ્વભાવપર્યાયને લાગુ પડી શકે છે, પણ વિભાવપર્યાયને લાગુ પડી શકતો નથી અને જો વિભાવપર્યાયનો આત્મદ્રવ્યથી વિયોગ ન થાય તો આત્માની શુદ્ધિ કોઈ પણ કાળે થઈ શકે જ નહિ, માટે જ સ્વપર્યાયથી દ્રવ્ય જુદું નથી પણ પરપર્યાયથી તો જુદું જ છે. ઘટના પર્યાયથી પટ ભિન્ન અને પટના પર્યાયથી ઘટ ભિન્ન; જડના પર્યાયથી ચૈતન્ય ભિન્ન અને ચૈતન્યના પર્યાયથી જડ ભિન્ન છે.

પ્રથમ તો આપણે આત્માના વિભાવપર્યાય કે જે કર્મના વિકારસ્વરૂપ છે તેનો વિચાર ન કરતાં ચૈતન્યથી ભિન્ન જડ-પુદ્ગલ દ્રવ્યના પર્યાયો જે અનેક રૂપે દૃષ્ટિગોચર થઇ રહ્યા છે અને પાંચ ઇંદ્રિયોના વિષયસ્વરૂપ છે તેનો વિચાર કરવાની અત્યંત આવશ્યકતા છે.

આત્માને સ્વચ્છ બનાવી સદાશિવ મેળવવા ઇચ્છનારે રાગ-દ્વેષરૂપી વિભાવપર્યાયની મલિનતા સ્વભાવપર્યાયમાંથી કાઢી નાખવાની જરૂરત છે. આ મલિનતાના ઉત્પાદક અને તેને પુષ્ટ બનાવનાર પાંચે ઇંદ્રિયોના વિષયસ્વરૂપ જડના પર્યાયો છે. જ્યાં સુધી જડના પર્યાયોમાં આત્મા વિભાવપર્યાયથી ભળે છે અર્થાત્ જડ અને જડના વિકારો કે જે પાંચે ઇંદ્રિયોના વિષયો છે તેમાં આત્મા રાગદ્વેષની પરિણુતિ રાખે છે. તે રાગદ્વેષની મલિનતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂર કરી શકતો નથી પણ સ્વભાવપર્યાયને વધારે મલિન બનાવે છે અને જે પૌદ્ગલિક વસ્તુઓમાં રાગદ્વેષ કરતો નથી અર્થાત્ કેવળ સ્વભાવપર્યાયથી જ પરપર્યાયોમાં ભળે છે તે સ્વભાવપર્યાયને સ્વચ્છ બનાવી વિભાવપર્યાયથી મુક્ત થઈ શકે છે અને આને જ વિશુદ્ધ સ્વભાવપર્યાયને જ મુક્તિ કહેવામાં આવે છે.

સંસારમાં આત્માથી ભિન્ન સઘળાય દ્રવ્ય અને સઘળાય પર્યાયોની સાથે આત્માનો જ્ઞાયકતાપણાનો સંબંધ છે પણ ભોક્તાપણાનો નથી. આત્માનું ભોક્તાપણું સ્વગુણપર્યાયમાં છે પણ પરગુણપર્યાયમાં નથી. આત્માની અપેક્ષાએ જ્ઞાનગુણ છે અને જ્ઞેયની અપેક્ષાએ જ્ઞાનપર્યાય છે કે જેને આત્માના સ્વભાવપર્યાય કહેવામાં આવે છે.

દ્રવ્ય માત્ર પોતપોતાના ગુણપર્યાયના ભોક્તા હોય છે. એક દ્રવ્ય પોતાનાથી ભિન્ન બીજા દ્રવ્યના ગુણપર્યાયનું ભોક્તા બની શકે નહિ. આત્મદ્રવ્યમાં સ્વ–પર–ગુણ–પર્યાયનું જ્ઞાતાપણું છે અને સ્વગુણ–પર્યાયનું ભોક્તાપણું પણ છે. આત્મદ્રવ્યથી ભિન્ન દ્રવ્યમાં જ્ઞાતાપણું નથી પણ સ્વગુણપર્યાયનું ભોક્તાપણું જ છે. જો જડદ્રવ્યમાં પોતાનાથી ભિન્ન આત્મદ્રવ્યનાં ગુણપર્યાયનું ભોક્તાપણું હોય તો જડ ચૈતન્ય થઇ જાય, અને ચૈતન્યમાં જડના ગુણપર્યાયનું ભોક્તાપણું હોય તો ચૈતન્ય જડ થઇ જાય. આત્માને માટે જે કહેવામાં આવે છે કે કર્મના ભેદોનો કર્તા, કર્મનો ભોક્તા, સંસારમાં ભ્રમણ કરનારો અને સંસારથી છૂટી જનારો તે આત્મા છે. આ લક્ષણ કર્મદ્રવ્યના પર્યાયને આશ્રયીને છે કે જે પરપર્યાય છે અને આત્માની સાથે સંયોગસંબંધથી રહેલા છે પણ આત્માના સ્વગુણપર્યાય કે જે સ્વભાવપર્યાય છે તેને આશ્રયીને નથી.

સર્વજ્ઞદેવની દૃષ્ટિમાં દરેક વસ્તુ અનેકાંતપણે દેખાઈ છે, એટલે દરેક વસ્તુને અનેક દૃષ્ટિથી તપાસીએ તો જ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે, અર્થાત્ વસ્તુ પૂર્ણપણે જણાય છે; નહિ તો અપૂર્ણ જ રહી જાય છે. માટે એક અપેક્ષાએ તપાસીએ તો આત્મા આખાયે સંસારનો જ્ઞાતા, કર્તા અને ભોક્તા બની શકે છે.

જાણવું, કરવું અને ભોગવવું આ ત્રણેના સ્વરૂપથી અણજાણ આત્મા મોહના દબાણથી ઘણો જ મુંઝાયા કરે છે.

ખરી રીતે જોતાં તો જ્ઞાન અને ક્રિયા–જાણવું અને કરવું–આ બે જ ભાવો છે. ભોગ જેવી કોઈ વસ્તુ નથી. ભોગનો જ્ઞાન–ક્રિયામાં સમાવેશ થઈ જાય છે. સંસારમાં જે ભોગો કહેવાય છે તે આત્માના વિભાવપર્યાયોનું પુદ્ગલદ્રવ્યની સાથે તથા પુદ્ગલદ્રવ્યના ગુણપર્યાયની સાથે સંયોગવિયોગરૂપ ક્રિયાનું અંગ છે અને તેમાં જે આત્માને આનંદ તથા ખુશીનો અનુભવ થાય છે તે એક પ્રકારનું અજ્ઞાન છે. અજ્ઞાન પણ એક પ્રકારનું જ્ઞાન છે, અને તે આત્માનો ગુણ છે–પર્યાય છે; છતાં તેને અજ્ઞાન એટલા માટે કહ્યું છે કે વિભાવપર્યાયની છાયા પડવાથી તે મલિન થએલું છે. સ્ફટિકમાં કાળા વસ્ત્રની છાયા પડવાથી સ્ફટિક કાળું કહેવાય છે, તેમ વિભાવપર્યાયની છાયા પડવાથી જ્ઞાન અજ્ઞાન કહેવાય છે, બાકી તો અજ્ઞાન કોઇ પણ દ્રવ્યનો ગુણધર્મ ન હોવાથી તાત્ત્વિક વસ્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, જ્યારે અજ્ઞાન અતાત્ત્વિક છે. તો પછી ભોગો કે જે અજ્ઞાનની છાયા છે તે તાત્ત્વિક કેવી રીતે હોઇ શકે?

આત્મદ્રવ્યની સાથે સંયોગસંબંધથી રહેલા પુદ્‌ગલદ્રવ્યનો આત્મદ્રવ્યથી ભિન્ન-અલગ રહેલા પુદ્‌ગલદ્રવ્યની સાથે સંયોગ-સંબંધ થવો તે ભોગોપભોગ. અને તેની અજ્ઞાનતાથી આત્મા પોતે માની લે કે હું આ વસ્તુઓનો ભોક્તા છું. આ ભોગોથી હું સુખી છું, મને બહુ જ સુખ ઉપજે છે, શાતા થાય છે. આવી માન્યતાથી તેની સાથે સંયોગ-સંબંધથી રહેલા કર્મદ્રવ્યને પુષ્ટિ મળે છે. અને પોતાના સ્વભાવપર્યાય વધુ મલિન બનતા જાય છે. આત્માનું સ્વગુણ-પર્યાયનું ભોક્તાપણું તાદાત્મય છે–તત્સ્વરૂપ સંબંધથી રહેલું છે. સઘળા દ્રવ્યમાં પોત-પોતાના ગુણપર્યાયનું ભોક્તાપણું તાદાત્મય સંબંધથી જ હોય છે. માટે જે દ્રવ્યના ગુણ-પર્યાય સાથે અથવા તો તે દ્રવ્ય સાથે સંયોગ-સંબંધ છે તે તેનો ભોક્તા બની શકે નહિ. અર્થાત્ દ્રવ્યના સંયોગ-સંબંધોમાં તેનું ભોક્તાપણું છે જ નહિ; માટે જ આત્મા પુદ્‌ગલદ્રવ્યોનો કે તેના ગુણપર્યાયોનો ભોક્તા બની શકતો જ નથી. અને એ હેતુથી જ પુદ્‌ગલદ્રવ્યના ભોગ માટે વલખાં મારવાં વ્યર્થ છે.

---

## શ્રી મહાવીર જિન સ્તવન.

[ ફિલ્મ ખજાનચી: તર્જ–સાવનકે નઝારે હૈ... ]

જીવનકે સહારે હૈ, હાં હાં હાં હાં, દુનિયાકે દેવોસેં,
પ્રભુ આપ અનોખે હૈ. જીવનકે. ૧
જો તુમ ભજાઓને, લ્યો નામ વીર જિનવર, બડી ધૂન મચાવોને.
જીવનકે. ૨
તુમ ચન્દ્ર સમી મૂરતિ, સેવું મેં જીવનભર, દિનમેં રૈનમેં મનથી.
જીવનકે. ૩
મેરે મનમેં કહાં છાઇ, છાયા જે માયાકી, મેરે ભાનકો ભૂલાતી.
જીવનકે. ૪
[ઓર] હર મોહકા અંધેરા, જ્ઞાનદીપક પ્રભુ,
મેરે દીલમેં પ્રગટાવોને. જીવનકે. ૫.
વીરનામ જપંતે હૈ, 'યશ' દિલમેં જિનંદજી, આઇ દર્શ દીખાવોને.
જીવનકે. ૬

સુયશ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહક ને યોજક : મુનિશ્રી પુણ્યવિજય (સંવગ્નપાક્ષિક)

# તાત્ત્વિક ઉપદેશવચન.

૧. દુનિયાના જીવો જે જે વસ્તુથી વસ્તુતઃ સુખની પ્રાપ્તિ થવાની જ નથી પણ દુઃખની જ પ્રાપ્તિ થવાની છે, તે તે વસ્તુઓની પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરી રહ્યા છે અને એથી મહેનત સુખ માટેની છતાં પરિણામ દુઃખમાં આવે છે.

૨. જો દુઃખને ટાળવું હોય અને સાચા સુખને પ્રાપ્ત કરવું હોય તો પરવસ્તુને પરવસ્તુ તરીકે યથાસ્થિત સમજી આત્મસાત્ કરવી જોઇએ.

૩. શરીર એ પણ પરવસ્તુ છે. પરવસ્તુઓને સાચા સુખની સાધનામાં સહાયક બનાવી શકાય છે.

૪. સાચી મુમુક્ષુતા–સાચો મુમુક્ષુભાવ આવ્યા વગર પરવસ્તુને પરવસ્તુ તરીકે ઓળખી શકાતી નથી તેમ તેનો ત્યાગ થઇ શકતો નથી.

૫. એક આત્મા સિવાય–આત્માના ગુણો સિવાય જગતમાં જેટલી જેટલી દશ્યમાન વસ્તુઓ છે તે તે બધી પરવસ્તુઓ છે.

૬. જગત્માં છ (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, કાળ ને જીવ.) જ દ્રવ્યો છે. તેમાં એક જીવાસ્તિકાય અર્થાત્ આત્માને જ ઓળખવાની પ્રથમ જરૂર છે. ચેતન આત્માને ઓળખવા માટે જડના સ્વરૂપને પણ જાણવું જોઇએ; કારણકે એક વસ્તુથી વિરોધી વસ્તુ જાણ્યા વિના તે વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થતું નથી.

૭. છ દ્રવ્યોમાં જીવ–આત્મા સિવાય સઘળા દ્રવ્યો જડ છે અને જે જડ છે તે પરવસ્તુ–પૌદ્‌ગલિક વસ્તુ છે.

૮. ચેતન ફક્ત આત્મા જ છે, ને તે આત્માને ઓળખ્યા વગર, આત્માનું પરિણતિ જ્ઞાન થયા વગર, તેને ઓળખવાના સમ્યક્ સાધનો સેવ્યાં વિના આત્મામાં આત્માના ગુણો મેળવવામાં પ્રવૃત્તિ થઇ શકતી જ નથી.

૯. જ્યાં સુધી આત્મામાં સુવિવેક પ્રગટેલો નથી હોતો ત્યાં સુધી કોઇ પણ વસ્તુ વસ્તુ–સ્વરૂપે સમજાવી અને પચવી એ મુશ્કેલ છે.

૧૦. જ્યાં સુધી આ જીવને વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ થતો નથી ત્યાં સુધી તે અસત્-પરિણતિમાં રહી કાળ નિર્ગમન કરે છે.

૧૧. અનાદિકાળથી આ જીવ પરભાવમાં–પરવસ્તુઓમાં રમણ કરતો આવ્યો છે. પોતાનું શું છે? પોતાનું શ્રેય શું કરવામાં છે? પોતાનો આત્મવિકાસ કરવો યુક્ત છે કે નહિ? હોય તો તે કેવી રીતે થાય? એ સંબંધી એને જરા પણ વિચાર આવતો નથી.

૧૨. એવા વિચારના અભાવે આ જીવ ત્યાગી કે અત્યાગી અનેક પ્રકારના સાંસારિક વૃત્તિના વમળમાં અટવાયા કરે છે. અને જીવનનો હેતુ શું છે? સાધ્ય શું છે? તેનો સ્પષ્ટ ખ્યાલ કર્યા વગર દુર્લભ મનુષ્યભવ પૂર્ણ કરી નાંખે છે.

૧૩. આત્માનુભવ મેળવવાના જિજ્ઞાસુ એવા ત્યાગીઓ તેઓના મનમાં નિરંતર એકાંત સ્થાનમાં જઇ આત્મા ક્યાં છે? તેનું મૂળ સ્વરૂપ કેમ પ્રગટ થાય? એ જ ચિંતા કર્યા કરે છે. તેઓ લોકસંજ્ઞા, લોકહેરી ને લોકૈષણાના ત્યાગી હોય છે.

૧૪. તેઓ જરૂર પૂરતો જ ઉપકાર કરવા માટે જ લોકપરિચય રાખી અવકાશના વખતમાં આત્મા સાથે આત્માની જ–આત્માના હિત સંબંધી જ વાતો કર્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫. ચૂનાના કણીઆની પેઠે પારકાને રંગવાની યોગ્યતા ધરાવે છે અર્થાત્ સ્વયં ધર્મ વિમુખ હોઇ અન્યને ધર્મી બનાવવાનો ડોળ કરે છે તેવા કુગુરુની કક્ષામાં ગણાય.

૧૬. धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः। सत्त्वेभ्यो धर्मशास्त्रार्थ–देशको गुरू रुच्यते ॥ જેને આત્મસ્વભાવરૂપ નૈશ્ચયિક ધર્મ તથા તેને પ્રગટ કરવાના સાધનભૂત અનેક પ્રકારના અનુષ્ઠાનોરૂપ વ્યવહારધર્મની જાણ હોય, વ્યવહાર અને નિશ્ચય બન્ને પ્રકારના ધર્મને સેવનાર હોય. જે ધર્મમાં સદા તત્પર હોય અને હંમેશા પ્રાણીઓને ધર્મતત્ત્વનો ઉપદેશ કરનાર હોય–આ સદ્‌ગુરુનું લક્ષણ છે.

૧૭. પોતામાં યોગ્યતા છે કે નહિ એના વિચારમાં આત્મા રહે એ યોગ્ય જ છે. ધર્મ પામેલાને ધર્મ આપવાની ઇચ્છા હોવી જ જોઇએ એમાં વિવાદ જ નથી. "પોતામાં જેટલું હોય એટલું જ આપવાનું છે" આ ખ્યાલ રહે અને એવો જ પ્રયત્ન થાય તો દંભને આવવાનો અવકાશ નથી.

૧૮. ભગવાન જિનેશ્વરદેવનો ધર્મ ચાલે છે એ બરાબર છે, એમાં શંકા જ નથી. માત્ર જ્ઞાનમાર્ગને દૂર કરી કોરી ધામધૂમ જ્યાં જ્યાં ચાલતી હોય તેના વિનાશ માટે શકય કર્યા કરવું અને પ્રભુમાર્ગનું સત્ય શક્તિના પ્રમાણમાં જાહેર કર્યા કરવું.

૧૯. ધર્મપ્રદાનનો સમય આવી જ લાગે તો આપણી અને લેનારની લાયકાત આદિ શાસ્ત્રઆજ્ઞાઓ સામે રાખી કેવળ અનુગ્રહ બુધ્ધિથી વર્તવું. એથી સ્વ-પરના અહિતની સંભાવના નહિ રહે.

૨૦. રોગનો ઉપચાર જેમ મનુષ્ય મનુષ્ય પ્રત્યે જુદી જુદી રીતે હોય છે તેમ ધર્મની યોગ્યતા પણ મનુષ્ય મનુષ્યની જુદી જુદી હોય છે.

૨૧. જે સાધનથી જે આત્માને સાધ્યનું દર્શન થાય, સાધ્યનું સામીપ્ય થાય અને સાધ્યની પ્રાપ્તિ થાય તે સાધન તેને ઉપકારક છે.

૨૨. સાધન ધર્મોમાં તકરાર કરવી એ મૂળ મુદ્દાને ક્ષતિ કરનાર છે. સાધ્યની સ્પષ્ટતા હોય તો જેને જે સાધન યોગ્ય લાગે તે દ્વારા પોતાની મુક્તિ સાધે. આ દૃષ્ટિ સહિષ્ણુભાવ, વિશાળ શાસ્ત્રજ્ઞાન અને ઊંડા રહસ્યની આલોચના વગર આવે નહિ.

૨૩. આત્મસ્વરૂપ જાણ્યા વિના અને શુભ ક્રિયા કર્યા વિના 'અધ્યાત્મ અધ્યાત્મ' પોકારવાથી કંઇ લાભ મળતો નથી, પણ શ્રી તીર્થંકર મહારાજાએ કહેલ શ્રાધ્ધધર્મ અને યતિધર્મને અનુસરીને યોગ્યતા મુજબ શુધ્ધ વ્યવહારમાર્ગમાં વર્તવાથી આત્મસ્વરૂપ પામી શકાય છે.

૨૪. લોકૈષણા, લોકહેરી ને લોકસંજ્ઞામાં રક્ત સાધુ પરમાર્થને સ્વપ્ને પણ વિચારી શકતો નથી, વિચારવાના અવકાશને પામતો નથી કે તેને સાધી શકતો નથી.

૨૫. ચિત્તની જ્યાં સુધી વ્યાક્ષિપ્ત સ્થિતિ રહે છે ત્યાં સુધી એક પણ કાર્ય એની પરમ સાધ્યદષ્ટિએ સિધ્ધ થઇ શકતું નથી.

૨૬. જ્યાં સુધી વૈરાગ્યવાસિત ચિત્ત કરવાનો વારંવાર અભ્યાસ પાડવામાં આવતો નથી ત્યાં સુધી તે અસ્થિર અવસ્થામાં રહી આધ્યાત્મિકમાર્ગ તરફ વલણ પકડતું નથી અને તેથી બહિરાત્મભાવમાં આ જીવ વર્ત્યા કરે છે.

૨૭. આત્મજીવનમાં જોડાએલો આત્મા થોડા યા ઘણા ભવે સંપૂર્ણ આત્મજીવન મેળવ્યા વગર રહેતો નથી.

૨૮. અમુક જ્ઞાન, ગુણ, પદ કે સ્થિતિને ધારણ કરનારા સાધુઓને વંદન અને નમન કરનારા પોતે કલ્પેલા જ્ઞાનાદિ ગુણોનું અંશે આરાધન કરવા છતાં સાધુતાના બીજા ઘણા ગુણોનું વિરાધન કરનારા થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૯. વૈયાવચ્ચ આદિ જેમ પદસ્થોના કરવાના છે, તેમ સામાન્ય સાધુઓના પણ કરવાના છે. ભરત, બાહુબલિજી અને વસુદેવજી વિગેરેનું પૂર્વભવનું વૈયાવચ્ચ-વિશ્રામણા-સેવા સાધુમાત્રના અંગે હતું. નાના, મોટા, પદસ્થ, અપદસ્થ, કુટુંબી, અકુટુંબી વિગેરે ભેદ સિવાય વિનય વૈયાવચ્ચ કરવા જોઇએ.

૩૦. સાધુને માટે માંદાની માવજત જેમ ફરજીઆત છે, તેમ રત્નત્રય માટેની સહાય તથા પ્રવૃત્તિ પણ ફરજીઆત છે.

૩૧. એક સાધુ અન્ય સાધુની સહાયની દરકાર ન કરે પણ અન્ય સાધુએ તે સાધુને સહાય કરવા તત્પર રહેવું જોઇએ.

૩૨. સમિતિ ગુપ્તિએ યુક્ત અને આચારમાં રહેલા સદાચારી મુનિવરો જગત્પૂજ્ય છે. પછી તે ચાહે તે ગચ્છ-સંપ્રદાયનો હોય અને તેવા જ સાધુ સાધુ તરીકે વૈયાવચ્ચ આદિ સઘળામાં અહીં અપેક્ષિત છે.

૩૩. સર્વ ગુણોનો આદર, એક ગુણીનો અનાદર કે અવજ્ઞા થતા નાશ પામે છે. સર્વ ગુણો અને ૨૩ તીર્થંકરોને માનનારો ગોશાળો એક જ ગુણી ભગવાન મહાવીર વ્યક્તિની વિરાધના કરવાથી અનંત સંસાર ઉપાર્જન કરનારો થયો.

૩૪. ગુણની આરાધના કબૂલ કરે અને ગુણવાનોની આરાધનાથી વિમુખ રહે કે ગુણવાળા એકની પણ વિરાધના કરે તો પણ સંસારચક્રમાં રખડી પડે.

૩૫. કારણ એ જ કે ગુણવાનોની આરાધના એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર રત્નત્રયીની આરાધના અને એ રત્નત્રયીરૂપ ગુણવાનોની વિરાધના કરે તે સંસારચક્રમાં રખડી પડે તેમાં નવાઇ શું?

ચાલુ-

## દિવાલીદિનકું શ્રી વીરસ્તવન.

[ ફિલ્મ ખજાનચી: તર્જ-દિવાલી ફિર આ ગઇ સજની ]

દિવાલીદિન ત્રિશલા વીરજી, હાં હાં મોક્ષકે ધામ પધારે. દિવાલી.
ભક્તજનોકું છોડી સીધાયે, કયોં જગ તારનવાલે,
જગજનમન સબ શોકસાગરમેં, ડૂબ ગયે હૈ ભારે;
જ્ઞાનના દીપક, ચલતે પસરી, દીપોત્સવી જગ સારે. દિવાલી. ૧

પાવાપુરીમાં જાઈ જુવોને, ચર્ણો પ્રભુજીકે પ્યારે,
કલિયુગે અબ, જાગ્રત જ્યોતિ, છત્ર ફિરે અંધિયારે;
અંતર હસતે, મન ભી ખીલતે, આજ મુઝે સુખીયારે. દિવાલી. ૨

ખાલી સૂના ઉરકોડીયે જગવો, ચેતનવાટને વ્હાલા!
જીવન મેરે, તારો બસુરા, દૂર કરો કરીઆલા;
સંકટમોચન, સુખકર વીરજી, 'સુયશ' કે રખવાલે. દિવાલી. ૩

સુયશ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

# "હે ચેતન ! આત્મસુખને પામ."

**અંતરાત્મજ્ઞાની** આત્મસ્વભાવે વર્ત્તે છે તેથી તેના અંતરનો કષાય-મેલ ઉપશમે છે. આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટે છે. આત્મજ્ઞાની સ્વસ્વભાવની રમણુતાથી અવ્યાબાધ સુખ ભોગવે છે અને સર્વકર્મનો અભાવ કરે છે અથવા નાશ કરે છે. સર્વકર્મનો નાશ થવાથી અવ્યાબાધ સુખ ભોગવવામાં કોઈ પણ જાતનો અંતરાય નડતો નથી. **હે ચેતન !** તમારા અંતરમાં અક્ષય ઋદ્ધિ ભરેલી છે અને તેની પ્રાપ્તિ માટે અષ્ટકર્મને દૂર કરો. જો તમો આઠ કર્મનો નાશ કરશો તો હે આત્મન્ ! અનંત સુખ પામશો. સંતોષી મનુષ્યો સદા સુખી હોય છે અને આત્મજ્ઞાની પુરુષો સદાકાળ આત્માના રસમાં લયલીન રહે છે અને ઇંદ્રાદિક દેવો પણ આત્મજ્ઞાની સંતોષી મુનિની આગળ દુઃખી-દીન જેવા જણાય છે. આત્માના સુખ વિના ઇંદ્રિયજન્ય સુખથી કોઇ ખરેખરો સુખી નથી. આત્માના અનંત સુખની આગળ ક્ષણિક સુખ તો કંઇ પણ હિસાબમાં નથી. ચામડીનું રૂપ ને ચામડીના ભોગમાં વસ્તુતઃ સુખ નથી પણ ઊલટું દુઃખ જ છે. આત્માને તેમાં મોહરૂપ શયતાન ફસાવે છે. ચામડીના ભોગથી સુખ માનવું તે કેવળ ભ્રાન્તિ છે. ચક્રવર્તી અને શહેનશાહને જે સુખ નથી તે સુખ ધૂળમાં આળોટતા નગ્ન અને ભિક્ષુક એવા આત્મજ્ઞાની સંતોષી મુનિને છે. આત્મસુખને માટે રાજ્ય, વેપાર, નોકરી, હુન્નરકળા, સ્ત્રીલગ્ન, ગાડીઘોડા, વાડી વિગેરે કોઇ પણ વસ્તુની જરૂર નથી. ફક્ત શરીરમાં રહેલા વિશુદ્ધ આત્માની જ જરૂર છે. શરીર પણ ગમે તેવું દુબળું, પાતળું કે રોગી હોય તો પણ આત્મજ્ઞાનીને સંતોષ તથા સમભાવ જો પ્રગટે છે તો આત્માનું સુખ ભોગવવામાં જરા પણ બાધ આવતો નથી. શરીર, ઇંદ્રિયો અને મન મારફત બાહ્યમાંથી અને બીજાઓનાં શરીરમાંથી સુખ ખેંચી લેવાની બુદ્ધિ છે તે કેવળ ભ્રમણા જ છે. ત્રણ કાળના ઇંદ્રો, દેવદેવીઓ, અસંખ્ય ચક્રવર્તીઓ, રાજાઓ વિગેરેએ ભોગવેલું પૌદ્‌ગલિક સુખ એકઠું કરવામાં આવે અને તેને અનંતી અનંતી વાર ગુણી અનંતગણું કરવામાં આવે તો પણ ક્ષણ માત્રના આત્માના સુખની આગળ તે રાઇના દાણા જેટલું પણ નથી, માટે હે ભવ્ય મનુષ્યો ! જો તમે આત્મસુખની ઇચ્છા કરતા હો તો પૌદ્‌ગલિક સુખનો સંગ છોડો. હે મનુષ્યો ! પુદ્‌ગલનું સુખ અલ્પ છે. તે અલ્પ સુખ અને તે પછી થનાર અનંત દુઃખને માટે પરતંત્ર-ગુલામ બનીને મનુષ્યજન્મ ફોગટ ન ગુમાવો. પૌદ્‌ગલિક સુખને માટે મનુષ્યજન્મ નથી પણ આત્માના સુખને માટે મનુષ્ય અવતાર છે. પુદ્‌ગલ સુખને માટે અનંતગણો પ્રયાસ કરવો પડે છે, અનેક જાતના દોષો સેવવા પડે છે, અનેક પ્રકારનાં પાપારંભના કાર્યો કરવા પડે છે. અનેક પ્રકારના સંકટ-વિપત્તિઓ વેઠવી પડે છે તો પણ છેવટે તો મધુબિંદુની પેઠે અને તરવારની ધારપર ચંદ્રહાસ મધને ચાટવાની પેઠે પાછું દુઃખનું દુઃખ ભોગવવું પડે જ છે; માટે હે ચેતન ! ચેત અને પુદ્‌ગલસુખની ભ્રાન્તિ છોડી દઇને **આત્મસુખને પામવા પુરુષાર્થ કર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખક: મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૧૯૨ થી શરૂ. )

**૧૨. પ્રખર માંત્રિક**—મુનિસુંદરસૂરિએ સૂરિમંત્ર સોમસુંદરસૂરિ પાસેથી ગણુ-વિદ્યા મેળવી વિધિપૂર્વક સાધી તે વડે ચમત્કાર-પોતે રચેલા સંતિકરસ્તવથી ( મેવાડના ) દેલવાડમાં મારિ ઉપદ્રવનું નિવારણ, અને શિરોહીમાં તીડોના ઉપદ્રવનું ટાળવું વિગેરે-કરી બતાવ્યા એમાં આશ્ચર્ય પામવાનું નથી. એક ભાઇના શબ્દોમાં 'આર્યાવર્ત્તનો ધાર્મિક ઇતિહાસ અસંખ્ય ચમત્કારોથી ભરપૂર છે. દેવો, સંતો, મહર્ષિઓ અને ભક્તોની આ ભૂમિમાં ચમત્કારોમાં આજે પણ પ્રજાનો ઘણો મોટો ભાગ અડગ શ્રદ્ધા ધરાવે છે. વિજ્ઞાનના આગમનથી શિક્ષિત વર્ગની આવી શ્રદ્ધા જરાક શિથિલ બની છે, છતાં યોગ્ય પ્રસંગે તેમની એ શ્રદ્ધા થોડે વધતે અંશે પણ પ્રકટ થયા વિના રહેતી નથી, એટલું જ નહિ પણ, ચમત્કાર-કથાઓમાં તેઓ સાહિત્યની દષ્ટિએ પણ રસપાન કરી શકે છે. આવા અદ્ભુત ચમત્કારો આજે તો ભાગ્યે જ જોઈ શકાય છે. જે ચમત્કારો છે તે કેવળ વિજ્ઞાન-સિદ્ધિના છે અને તેને તો સહેલાઈથી સમજાવી શકાય છે, ને તેમાં દૈવી તત્ત્વના અસ્તિત્વનું આપણને ભાન થતું નથી. આમ છતાં ઘણાક શ્રદ્ધાળુઓ, ધર્મપ્રિય સજ્જનો અને વિદ્વાનોની માન્યતા પ્રમાણે આજે પણ ભારતભૂમિ છેક જ ચમત્કારશૂન્ય બની નથી. દેશના વિવિધ ભાગોમાં તીર્થસ્થળોમાં અમુક પ્રકારના ચમત્કારો થવાનો આજે દઢતાથી નિર્દેશ કરવામાં આવે છે.' વળી ( ભૈરવપદ્માવતી કલ્પની પ્રસ્તાવનારૂપે મંત્રવિદ્યા સંબંધી એક પુસ્તક જેવડો નિબંધ અંગ્રેજીમાં મારા મિત્ર રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી લખી રહ્યા છે ને તે છપાતો જાય છે, તે છપાયા પછી મંત્રશક્તિ પર ઘણો પ્રકાશ પડશે. )

ઉક્ત સૂરિમંત્ર જૈનપરંપરા પ્રમાણે શ્રી, ગૌતમસ્વામી જે ભગવાન્ મહાવીરના પ્રથમ ગણધર થયા તેની કૃતિ તરીકે ગણાય છે કારણ કે સૂરિમંત્ર એટલે આચાર્ય સંબંધી મંત્ર અને ગૌતમસ્વામી એ જ પ્રથમ આચાર્ય ગણાય. શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા અપ્રકટ સૂરિમંત્રસ્તોત્રમાં તે મંત્રની સ્તુતિ તીર્થંકર' તીર્થ, ગૌતમસ્વામી, સુધર્મસ્વામી તરીકે સંબોધી કરી છેઃ-

[ त्वं तीर्थकृत् त्वं परमतीर्थं
त्वं गौतमस्त्वं गणभृत्सुधर्मा,
त्वं विश्वनेता त्वमसि हितानां
निधिः सुखानामिह मंत्रराजः ॥२॥ ]

તેને માટે તે જ સ્તોત્રમાં આગળ કહ્યું છે કે શ્રી વર્ધમાન-મહાવીરસ્વામીના આદેશથી ગચ્છનેતા શ્રી ગૌતમસ્વામીએ તે મંત્રની સ્થાપના કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ श्रीवर्द्धमानस्य निर्देशतस्त्वं
प्रतिष्ठितो गौतमगच्छनेत्रा,
सिद्धीः समग्राः शिवसंपदश्च
सर्वोग्रपुण्यौघफलानि दत्से ॥ ७ ॥ ]

વળી તેમના બીજા અપ્રકટ સૂરિમંત્ર-સ્તોત્રમાં તે મંત્રની સ્તુતિ કલિકાલમાં તીર્થ તથા આર્હંત ધર્મની પ્રવૃત્તિના એકલા હેતુ તરીકે કરી છેઃ-**तीर्थस्य धर्मस्य तथार्हतस्य हेतुस्त्वमेकोऽसि कलौ प्रवृत्तेः।** ઇત્યાદિ. સૂરિમંત્ર-કલ્પોમાં તેની પરંપરા શ્રી ઋષભદેવ ભગવાનથી બતાવી છે અને તેમાં બાહુબલી આદિ સહસ્ર વિદ્યાનો ન્યાસ શ્રી પુંડરીક ગણધરે કર્યો હતો એવો ઉલ્લેખ છે. સૂરિમંત્રની પાંચ પીઠ છે. તેનાં નામ ૧ વિદ્યાપીઠ, ૨ મહાવિદ્યાપીઠ, ૩ ઉપવિદ્યાપીઠ, ૪ મંત્રપીઠ અને ૫ મંત્રાધિરાજ પીઠ એમ છે; તેનાં અધિષ્ઠાયિકા તથા અધિષ્ઠાયિકો અનુક્રમે (૧) વાણી અર્થાત્ સરસ્વતી, (૨) ત્રિભુવનસ્વામિની, (૩) શ્રીદેવી, (૪) ગણિપિટક યક્ષરાજ અને (૫) સર્વ ગ્રહો, દિગ્પાલો, ઇંદ્રો, ૧૬ વિદ્યાદેવીઓ, ૨૪ શાસનયક્ષ ને ૨૪ શાસનયક્ષિણી આદિ છે. આ પૈકી પ્રથમની ત્રણ વિદ્યાપીઠો કહેવાય છે કારણ કે દેવીઓ તેની અધિષ્ઠાયિકા છે અને છેલ્લી બે મંત્રપીઠો કહેવાય છે, કારણ કે ચોથી પીઠના પુરુષદેવ અધિષ્ઠાયક છે ને પાંચમી પીઠમાં મુખ્યત્વે પુરુષદેવો અધિષ્ઠાયક છે. વિદ્યા અને મંત્રનો આમ મંત્રશાસ્ત્રમાં ભેદ પાડવામાં આવે છે અને બીજી રીતે (વિશિષ્ટ) સાધનાવાળી તે વિદ્યા; અને (વિશિષ્ટ) સાધનારહિત તે મંત્ર; એમ ભેદ છે. બે સંસ્કૃત સૂરિમંત્રસ્તોત્રો, પ્રાકૃતમાં ગૌતમગણધરસ્તોત્ર, પાંચે પીઠના અધિષ્ઠાયકોનાં પાંચ સંસ્કૃત સ્તોત્ર, પાંચમી પીઠની અધિષ્ઠાયિકા તરીકે શ્રી ચક્રેશ્વરી દેવીનું જુદું સંસ્કૃત સ્તોત્ર તથા ગણિવિદ્યાધિષ્ઠાયકનું પ્રાકૃત સ્તોત્ર કે જેમાં સૂરિમંત્રના સર્વે અધિષ્ઠાયકની ભેગી સ્તુતિ કરી છે–આ નવે સ્તોત્ર મુનિસુંદરસૂરિનાં રચેલા અપ્રકટ છે કે જેની નકલ રા. મોહનલાલ ભ. ઝવેરી પાસે છે.

ઉપર કહ્યું તેમ શ્રી મુનિસુંદરસૂરિએ સંતિકર સ્તવનની રચના મારિનિવારણ માટે કરી હતી એ વાત બરોબર લાગે છે, કારણ કે ઉક્ત સ્તવનમાં રોગ ઉપદ્રવનિવારણ માટેના મંત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને સૂરિમંત્રની પાંચે પીઠોના અધિષ્ઠાયકો અને નામાભિધાનપૂર્વક સોળે વિદ્યાદેવીઓ, ચોવીસે શાસન–યક્ષો, ચોવીસે શાસનદેવીઓ તથા સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ રક્ષાર્થે કર્યું છે. સૂરિમંત્રની પહેલી પીઠમાંના લબ્ધિપદો શ્રી શાંતિનાથ ભગવાનના નામ સાથે યોજી ઉક્ત સંતિકર સ્તવનની બીજી તથા ત્રીજી ગાથામાં ઉપદ્રવનિવારણ તથા આરોગ્યપ્રાપ્તિ અર્થે મૂક્યાં છે. જેવાં કેઃ—**ॐ णमो विप्पोसहिपत्ताणं झौं स्वाहा, ॐ णमो खेलोसहिपत्ताणं, तथा ॐ ह्रिं णमो सव्वोसहिपत्ताणं.**

**૧૩. સ્વર્ગવાસ**—તેમનો સ્વર્ગવાસ સં. ૧૫૦૩ કાર્ત્તિક શુદ ૧ (ગુજરાતી બેસતા વર્ષે) થયો ને તે કોરટામાં થયો એમ ઐ૦ સજ્ઝાયમાળાની પ્રસ્તાવનામાં જણાવ્યું છે. આ હકીકત માટે આધાર આપવામાં આવ્યો નથી, પણ વીરવંશાવલીમાં તેવો ઉલ્લેખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે છે તેથી તે આધારે ત્યાં તે જણાવેલ હશે. કોરટા-કોરટક એક પ્રાચીન તીર્થ છે, તે પરથી કોરંટક ગચ્છ પણ નીકળ્યો હતો. તે હાલ નાનું ગામ છે ને મારવાડના જોધપુર રાજ્યના પરગણામાં એરનપુરા સ્ટેશનથી પશ્ચિમે ૧૩ માઈલ દૂર છે. (જુઓ જૈ. ગૂ. ક. ૩, ૨૨૬૦ ને ૨૨૮૬.)

૧૪. પ્રતિષ્ઠા લેખો-(१) सं. १४७८ वर्षे पोष शु० ५ राजाधिराज श्रीमोकलदेवविजयराज्ये प्राग्वाट सा०...सा० रतन भा० लाषु पुत्रेण श्रीशत्रुंजयगिरिनारार्बुदजीरापल्लीचित्रकूटादि तीर्थयात्रा कृता श्रीसंघमुख्य सा० धणपालेन......कुटुंबपरिवृतेन श्रीशांतिनाथप्रासादः कारितः प्रतिष्ठितस्तपापक्षे श्रीदेवसुंदरसूरिपट्टपूर्वाचलदिननायक तपागच्छनायक निरुपममहिमानिधान युगप्रधानसमान श्री श्री श्रीसोमसुंदरसूरिभिः ॥ भट्टारकपुरंदरश्रीमुनिसुंदरसूरि श्रीजयचंद्रसूरि श्रीभुवनसुंदरसूरि श्रीजिनसुंदरसूरि श्रीजिनकीर्त्तिसूरि श्रीविशालराजसूरि श्रीरत्नशेखरसूरि श्रीउदयनंदिसूरिश्रीलक्ष्मीसागरसूरि महोपाध्याय श्रीसत्यशेखरगणि श्रीसूरसुंदरगणि. श्रीसोमदेवगणि कलंदिकाकुमुदिनीसोमोदय पं० सोमोदयगणि प्रमुखप्रतिदिनाधिकोदयमान शिष्यवर्गः ॥ चिरं विजयतां श्रीशांतिनाथचैत्यं कारयिता च ॥ —જાવર(ઉદેપુર)ના ખંડેરના મંગલચૈત્ય ઉપરનો લેખ. વિ. નં. ૧૧૮.

(२) सं० १४८८ फा. सु. ८ श्रीमालज्ञा० सा०......देवकुलिका कारिता प्रतिष्ठिता तपागच्छनायक श्रीसोमसुंदरसूरि श्रीमुनि(सुंदर)सूरिभिः ॥ श्रीअणहिलपुरपत्तन वास्तव्य... દેલવાડા-મેવાડના મંદિર-ના. ૨ (દેલવાડામાં સં. ૧૪૮૯માં મુનિસુંદરસૂરિએ ચાર કથા સંસ્કૃત પદ્યમાં રચી.)

(३) सं० १४८९ वर्षे वै० शु० ३ ऊकेशज्ञा० व्य०......सदाकेन श्रीसुमतिनाथबिंबं का० प्र० तपा श्रीदेवसुंदरसूरि पट्टभूषण श्रीसोमसुंदरसूरि शिष्य श्रीमुनिसुंदरसूरिभिः ।—ખંભાત જીરારવાડાના મનમોહન પાર્શ્વનાથ મંદિરમાં બુ ૨.

(४) सं० १४९७ वर्षे वै. व. ५ श्रीमाल ज्ञा० श्रे० निरिआकेन श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीसोमसुंदरसूरि शिष्य श्रीमुनिसुंदरसूरिभिः ॥ -લાડોલના મંદિરમાં બુ. ૧ નં.૪૬૫

(५) सं० १४९९ वर्षे आ. श्र. १० प्राग्वाट व्य. खेताकेन श्री मुनिसुव्रतबिंबं का० प्र० तपागच्छे श्री मुनिसुंदरसूरिभिः ॥ —માતરના મંદિરમાં બુ. ૨.

(६) सं० १४९९ वर्षे ओसवाल ज्ञा. मं० नाईआकेन श्रीमहावीरबिंबं का० प्र० तपा श्री-मुनिसुंदरसूरिभिः । —અમદાવાદના દેવસાનો પાડો પાર્શ્વ મંદિરમાં બુ. ૧, નં. ૧૦૭૫.

(७) सं० १५०० वर्षे वैशाख शु. ५ गुरौ ऊकेश ज्ञा० मं० शिवराजेन......श्रीअनंतनाथबिंबं का० प्र० तपा श्रीमुनिसुंदरसूरिभिः । —પંચતીર્થી. પાટણ કનાસાના પાડામાં શાંતિજિનમંદિર બુ. ૧, નં. ૩૧૪.

(८) सं० १५०० वर्षे वै. शु. ५ उपकेशज्ञातीय सा० चाहडेन......श्रीचन्द्रप्रभबिंबं कारितं प्रतिष्ठितं श्रीतपागच्छनायक श्रीमुनिसुंदरसूरिभिः॥ પંચતીર્થી-આગ્રાના સીમંધર મંદિરમાં ના. ૨

(९) सं० १५०० वर्षे उ० ज्ञा० व्य० पाताकेन......श्रीवर्धमानबिंबं का० प्र० तपागच्छनायक श्रीमुनिसुंदरसूरिभिः । —અમદાવાદ શાંતિનાથ મંદિરમાં બુ. ૧, નં. ૧૦૪૨

(१०) सं० १५०१ वर्षे मार्ग. शु. १० ऊकेश......सा० हीराकेन श्रीशांतिबिंबं का० प्र०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तपा श्रीसोमसुंदरसूरिशिष्य श्रीमुनिसुंदरसूरिभिः ॥ —જેસલમેર સુપાર્શ્વમંદિર ના. ૩

(૧૧) १५०१ वर्षे माघ वदि ५ गुरौ प्राग्वाट व्य०...खीमाकेन...श्रीसुमतिबिंबं कारि० प्र० तपा श्रीमुनिसुन्दरसूरिभिः॥ઉદેપુરના ગોડીજી ભંડારની ધાતુમૂર્તિ વિ. નં. ૧૮૦, કે જે લેખ ના. ૨ નં. ૧૧૨૬ છે.

(૧૨) सं० १५०१ वर्षे वै. शु. ३ शनौ ऊकेशज्ञातीय तेलहरागोत्रे श्रे० हीराकेन...प्रतिष्ठितं श्रीमुनिसुन्दरसूरिभिः तपागच्छेशैः।— ખેડા ભીડભંજન પાર્શ્વમંદિરમાં નં. ૪૫૦ બુ. ૨ (આ વખતે મુનિસુંદરસૂરિ તપાગચ્છના નાયક હતા, સોમસુંદરસૂરિના નામનો આ સં. ૧૫૦૧નો બીજો લેખ બુ. ૧, નં. ૮૮૧ છે તેમાં સંવતમાં ભૂલ લાગે છે. સોમસુંદર બદલે મુનિસુંદર જોઇએ. તે સોમસુંદરસૂરિ સંવત ૧૪૯૯માં સ્વર્ગસ્થ થયા હતા.) આ જ તિથિનો લેખ नागरज्ञातीय श्रे० सामलेन श्रीसंभवबिंबं कारितं प्रतिष्ठितं तपागच्छेश श्रीमुनिसुन्दरसूरिभिः વિ. નં. ૧૮૬ છે.

(૧૩) सं० १५०१ वर्षे ज्ये. सुदि १० प्राग्वाट व्य० रामाकेन श्रीसुमतिनाथबिंबं कारितं प्र० तपा श्रीसोमसुंदरसूरिशिष्य श्रीमुनिसुंदरसूरिभिः ॥ રૈનપુરમંદિરમાં ના. ૧, નં. ૭૦૪.

(૧૪) सं० १५०१ वर्षे ज्ये. व. ९ रवौ ओसवालज्ञा० व्यव० आकाकेन श्रीवासुपूज्यमुख्यपंचतीर्थकारिता तपा० श्रीमुनिसुंदरसूरिभिः प्र०–ઉદેપુર ગોડીજી ભંડારની ધાતુમૂર્તિ વિ. નં. ૧૯૦.

(૧૫) **જયશ્રી અંક**—ઘણા ગ્રંથકારોએ અમૂક અંક–ચિહ્ન રાખેલું છે. જેમ કે શ્રી હરિભદ્રસૂરિએ 'વિરહાંક', કુવલયમાલાની પ્રાકૃત કથાના પ્રસિદ્ધ કર્ત્તા ઉદ્યોતનસૂરિએ 'દાક્ષિણ્યાંક', રત્નમંડન ગણિએ 'મંડનાંક', યશોવિજય ઉપાધ્યાયે ગ્રંથની આદિમાં 'ઐં' કારાંકને અંતે 'યશઃશ્રી' અંક રાખેલ છે. તેથી તે ચિહ્ન પરથી ગ્રંથના કર્ત્તાનું તુરત સૂચન થાય છે. આપણા આ ગ્રંથકાર મુનિસુંદરસૂરિએ 'જયશ્રી'–પ્રાકૃત 'જયસિરિ' એ અંક–ચિહ્ન રાખેલ છે કે જે તેમની સંસ્કૃત અને પ્રાકૃત સર્વે કૃતિઓમાં આદિમાં તેમ જ અંતે યા આદિમાં જોવામાં આવે છે.

(ચાલુ)

## સાચો શ્રમણ.

જેની પ્રવૃત્તિઓ જીવજંતુનો વધ ન થાય તે માટે કાળજીવાળી છે, જેનાં મન–વાણી–કાયા સુરક્ષિત છે, જેની ઇંદ્રિયો નિયંત્રિત છે, જેના વિકારો જીતાઇ ગયેલા છે, જેનામાં શ્રદ્ધા અને જ્ઞાન પરિપૂર્ણ છે, તથા જે સંયમી છે તે શ્રમણ કહેવાય.

સાચો શ્રમણ શત્રુ–મિત્રમાં, સુખ–દુઃખમાં, નિંદા–પ્રશંસામાં માટીના ઢેફામાં અને સોનામાં તથા જીવિત અને મરણમાં સમબુદ્ધિવાળો હોય છે.

શ્રીમાન કુંદકુંદાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્યપરિવાર સાથે કસૂર પધાર્યા. પંદર દિવસની સ્થિરતા દરમ્યાન ધર્મપ્રભાવના સારી થઇ. અહીં જૈનના ૧૮ ઘર હોવા છતાં વ્યાખ્યાનમાં જૈન-અજૈન બંધુઓની સારી સંખ્યામાં ઉપસ્થિતિ રહેતી.

**ગંડાસિંગવાલા**—જીરામાં ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની ચૈત્ર શુદિ ૧ની જન્મજયંતિ ઉજવવાની હોઇ પટ્ટીથી ૩૬ અને જીરાથી ૧૮ આવેલ ગૃહસ્થોની વિનંતિથી ફાગણ વદિ ૬ના રોજ વિહાર કરી સાત માઇલ ઉપર આવેલ ગંડાસિંગવાલા પધાર્યા.

**ફિરોજપુરછાવણી**-ગંડાસિંગવાલાથી ૧૦ માઇલનો વિહાર કરી ફિરોજપુર પધાર્યા. અહીં દિગંબર બંધુઓના ૧૨૫ ઘર છે અને ત્રણ મંદિર છે. આપણા તો બહારથી આવેલ ડાલચંદ મેમોરીયલ જૈન હાઇસ્કૂલના હેડમાસ્તર બાબુ હંસરાજજી તથા માસ્તર દીવાનચંદજી વિગેરે ચારપાંચ ભાઇઓ છે. તેઓએ દિગંબર બંધુઓના સહકારથી આચાર્ય મહારાજનું સુંદર સ્વાગત કર્યું. હાઇસ્કૂલ તરફથી હેડમાસ્તર બાબુ હંસરાજજી જૈને અને જૈન સભા ફિરોજપુર તરફથી બાબુ રૂપકિશોરજી જૈને અભિનંદનપત્રો વાંચી સંભળાવ્યા અને શેઠ તુલસીરામજી જૈને આચાર્યશ્રીના પુનિત કરકમલોમાં અર્પણ કર્યાં. આચાર્યશ્રીજીએ યોગ્ય ઉત્તર આપી માંગલિક સંભળાવ્યું. હાઇસ્કૂલની મુલાકાત લીધી હતી.

**જીરા**-ફાગણ વદિ ૯ ફિરોજપુરછાવણીથી વિહાર કરી સેંદે, ભરાણા, મહેરસિંગવાલા થઇ ફાગણ વદિ ૧૩ના રોજ સુંદર સ્વાગત સાથે જીરાનગરમાં પ્રવેશ કર્યો. વીસ વર્ષ પછી આચાર્યશ્રી પધારતા હોવાથી શ્રી સંઘમાં તથા નિવાસીઓમાં ઘણો ઉત્સાહ હતો. ટાઉન હોલમાં જાહેર સભા ભરવામાં આવી. ગુરુસ્તુતિ થયા બાદ મ્યુનિસિપાલિટી તરફથી મ્યુનિસિપાલિટી કમિશ્નર લાલા સાધુરામજીએ, જૈન યુવક મંડળ તરફથી બાબુરામજી જૈન બી. એ. એ સનાતન મહાવીર દળ તરફથી બાબુ ઓમપ્રકાશજીએ, સેવા મંડલ તરફથી બાબુરામજી જૈન એમ. એ. પ્લીડરે અભિનંદન પત્રો વાંચી સંભળાવ્યા અને આચાર્યશ્રીજીના કરકમલોમાં અર્પણ કર્યાં. આચાર્ય મહારાજે યોગ્ય ઉત્તર વાળી માંગલિક સંભળાવ્યું.

**શ્રી આત્માનંદ જન્મજયંતિ**—ચૈત્ર શુદિ ૧નો પુનિત દિવસ જગત્પ્રસિદ્ધ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજનો જન્મદિવસ હોવાથી આખા ય નગરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો હતો. શ્રી ગુરુદેવનું જન્મસ્થાન જીરાથી દક્ષિણ દિશામાં બે માઇલ આવેલ લહેરાગામ હોવાથી અત્રે એઓશ્રીનો બાલ્યકાળ નિર્ગમન કરવાનું જીરા ખાસ ક્ષેત્ર હોવાથી તેમજ એઓશ્રીજીના પટ્ટધર આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં આ શુભ પ્રસંગ પ્રથમવાર ઊજવવાનો સુયોગ મળવાથી શ્રી સંઘમાં અને નગરનિવાસીઓમાં ભારે ઉત્સાહ અને અપૂર્વ આનંદ ફેલાય તે સ્વાભાવિક છે.

આઠ વાગે આચાર્ય મહારાજ સપરિવાર સંઘ સહિત લાલા શ્રાવણમલ અગ્રવાલની ધર્મશાળામાં પધાર્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ શ્રી વિજયાનંદસૂરિ મહારાજની ભવ્ય પ્રતિકૃતિની શ્રી સંઘ જીરાએ તથા બહારથી પધારેલા ભાઇઓએ વાસક્ષેપથી પૂજા કરી. પછી લાલા ખેરાયતીરામજી આદિએ ગુરુસ્તુતિ કરી અને ત્યારબાદ આચાર્ય મહારાજે જન્મજયંતિ નાયકનાં જીવનચરિત્ર પર સારો પ્રકાશ પાડ્યો. તેઓશ્રીના જન્મસ્થાન લહેરાગામમાં તેઓશ્રીનું સ્મૃતિચિહ્ન થવું જોઇએ એમ સંઘ જીરાને ભારપૂર્વક સૂચન કર્યું.

આ પ્રસંગે લાલા ખેતુરામજી જૈન નવલખાએ જણાવ્યું કે જે મહાપુરુષની જન્મજયંતિ આજ આપણે ઊજવી રહ્યા છીએ તે મહાપુરુષ આપણી નજીક આવેલ લહેરાગામમાં જન્મ્યા હતા અને અહીં ઉછર્યા અને બાલ્યાવસ્થા ગાળી વિરાગી થયા. દીક્ષા લઇ આપણને સત્ય ધર્મ બતાવ્યો એટલું જ નહિ પણ અનેક મોટા ગ્રંથો રચી જૈન અજૈન જનતા ઉપર મહાન ઉપકાર કર્યો. એ મહાપુરુષની સ્મૃતિ માટે આપણે જેટલું કરીએ તેટલું ઓછું છે પરંતુ મને જણાવતાં અતિ હર્ષ થાય છે કે અહિંની મ્યુનિસિપાલિટીએ આજે સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે જૈન મંદિરની પાસે આવેલ ચોકનું નામ આજથી **શ્રી આત્માનંદ જૈન ચોક** અને જે ફળીયામાં તેઓશ્રી ઊછર્યા હતા તેનું નામ **શ્રી આત્માનંદ જૈન સ્ટ્રીટ** રાખવું અને એ નામના બોર્ડો પણ લગાવી દેવામાં આવ્યા છે. આ આપણા માટે-આપણા સમાજ માટે ગૌરવની બિના છે.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુલ-પંજાબના વિદ્યાર્થીઓના મનોહર ગુરુસ્તુતિના ભજનો થયા બાદ અગિયાર વાગે જયનાદોની સાથે સભા વિસર્જન થઈ હતી.

બપોરના શ્રી આત્માનંદ જૈન ચોકમાં આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વજિન મંદિરેથી સમારોહપૂર્વક વરઘોડો ચઢયો હતો.

રાત્રિના આઠ વાગે લાલા શ્રાવણમલ અગ્રવાલની ધર્મશાળામાં, લાલા સાધુરામજી મ્યુનિસિપાલિટી કમિશ્નરની અધ્યક્ષતામાં જાહેર સભા ભરાઇ હતી, પંડિત હંસરાજજીએ મનોરંજક પ્રવચન કર્યું હતું અને ડો. નરેન્દ્રસંગ જોહરની ગુરુસ્તુતિથી અને ભજનમંડળીના ભજનથી જનતા રંજિત થઇ હતી. ૧૧ વાગે સભા વિસર્જન થઇ હતી.

વદિ ૨ ના રોજ તે જ ધર્મશાળામાં આચાર્યશ્રીના તાત્ત્વિક ઉપદેશ બાદ શ્રીયુત બાબુરામજી જૈન એમ. એ. પ્લીડરે સ્વર્ગવાસી ગુરુદેવની કેટલીક અપૂર્વ જીવનઘટના સંભળાવી. ત્યાર પછી ભજનમંડલીના ભજનો બાદ સભા વિસર્જન થઇ.

બપોરના આચાર્ય મહારાજની, સ્વર્ગસ્થ ગુરુદેવના લહેરાગામમાં સ્મૃતિચિહ્ન રાખવાની, આજ્ઞાને અમલમાં મૂકવા શ્રી જીરા સંઘની મીટિંગ મળી અને તેમાં સર્વાનુમતે નિર્ણય કર્યો કે 'ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્મરણાર્થે લહેરાગામમાં બે કનાલ જમીન ખરીદી તેઓશ્રીનો કીર્તિસ્તંભ બનાવવો અને શ્રી આત્માનંદ જૈન પાઠશાળાની સ્થાપના કરવી. આ બંને કાર્યો આચાર્યજી સમક્ષ જલ્દીમાં જલ્દી કરવા તેમ ઠરાવવામાં આવ્યું. બે કનાલ જમીનની કિંમત લાલા નથુશાહજી બાબુરામજીએ આપવાની જાહેર કરી. આ પ્રમાણે નિર્ણય કરી શ્રી સંઘ આચાર્યશ્રીજીની સેવામાં ઉપસ્થિત થઇ, ઉપર જણાવેલ બંને કાર્ય માટે આચાર્યશ્રીજીને વિનંતિ કરી અને મહાવીર જયંતિ અત્રે સમારોહપૂર્વક ઊજવવા આગ્રહ કર્યો.

આચાર્યશ્રીજીએ ઉત્તર આપતાં ફરમાવ્યું કે શ્રી મહાવીર જયંતિ રાયકોટ ઊજવવવા મારી ભાવના છે. ઉપરોક્ત બંને કાર્યોમાં મારી હાજરીની ખાસ કંઇ જરૂર નથી, પરંતુ સમાધિની પ્રતિષ્ઠા અને કીર્તિસ્તંભના ઉદ્ઘાટન સમયે અવસર હશે તો હું હાજર થઇ જઇશ.

રાત્રિના આઠ વાગે શ્રી આત્માનંદ જૈન ચોકમાં લાલા ગુરુદાસરાયની અધ્યક્ષતામાં જાહેર સભા થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંડિત હંસરાજજીએ સમયોચિત પ્રવચન કર્યું. શ્રીપાલે ગુરુદેવનું પદ્યમાં જીવનચરિત્ર સંભળાવ્યું. શાયર મહમદ અકરમ, શિવદર્શનલાલ ગુપ્તા અને બલવંતરાય ખુશતરે ગુરુદેવ તેમજ આચાર્ય મહારાજની સ્તુતિઓ ગાઇ સંભળાવી. સભા રંજિત કરી. બાદ અધ્યક્ષ મહોદયે જન્મજયંતિ નાયકનાં ગુણોનું અનુકરણ કરવા અને સાદાઇ રાખવા મનનીય ભાષણ કર્યું. બાદ સભા વિસર્જન થઇ.

આ પ્રસંગનો લાભ લેવા પટ્ટી, કસુર, લુધીયાના, રાયકોટ, ગુજરાંવાલા આદિથી ભાવિકો આવ્યા હતા.

**બનખંડી**—આચાર્ય મહારાજ **જીરા** નગરમાં શાસનપ્રભાવના કરાવી મહાવીર જયંતિ **રાયકોટ** ઊજવવાની હોવાથી ચૈ. સુ. છઠ્ઠે વિહાર કરી **બનખંડી** પધાર્યા. રસ્તામાં ચાલતાં ઘણા ભાવિકો સાથે હતા. તે વખતે આચાર્યશ્રીજીએ લાલા ખેતુરામજી જૈન નવલખા અને લાલા સુંદરદાસજી જૈન નવલખા તેમજ લાલા સંતરામજી જૈન નવલખા અને એઓના સુપુત્ર લાલા વેણીપ્રસાદ જૈન નવલખાને કંઇ કારણસર પરસ્પર વૈમનસ્ય હતું તે દૂર કરાવી સંપ કરાવ્યો. આથી સૌ ખુશી થયા અને બોલ્યા કે–ગુરુદેવ ! આ શુભ ઘડીની અમો વાટ જ જોઇ રહ્યા હતા તે આ તક આવી જ ગઇ. આચાર્યશ્રી બનખંડીથી **મોગા** પધાર્યા. અહીં આંખોનું સરકારી હોસ્પિટલ છે. સુપ્રસિદ્ધ ડો. પ્રેમનાથજી માયાળુ અને સેવાભાવી છે, અહીં એક દિવસ વધુ રોકાઈ, નગરનિવાસીઓને ઉપદેશામૃતનું પાન કરાવી આચાર્યશ્રીજી આદિએ ડો. પ્રેમનાથજીને આંખો દેખાડી. આચાર્યશ્રીજીની ડાબી આંખમાં મોતીયો ઉતરી રહેલ છે. એના માટે દવા આપી છે. પં. શ્રી સમુદ્રવિજયજીને ડાબી આંખમાં મોતીયો ઉતરવાની શરુઆત થઈ છે અને નાખુન (વેલ) ઉતરી આવેલ હોવાથી તાત્કાલિક ઓપરેશન કરાવવું પડશે.

**રાયકોટ**—આચાર્યશ્રીજી મોગાથી વિહાર કરી **બૂહરમલ્લાં, બસીઆ**માં ધર્મોપદેશામૃતનું પાન કરાવતાં ચૈત્ર શુદિ બારસે રાયકોટ પધાર્યા. બસીયા રાયકોટથી ચાર માઇલ જ હોવાથી આખો દિવસ રાયકોટના ભાઇઓની આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવ-જાવ રહી હતી. એ સર્વનું તથા જીરાથી આવેલ શ્રી આત્માનંદ જૈન યુવક મંડળ આદિનું આતિથ્ય લાલા કસ્તૂરીલાલજી ક્ષત્રિએ પ્રેમપૂર્વક કર્યું હતું.

લાલા કુંદનલાલજી, તારાચંદજી, લાલચંદજી, ચાંદનમલજી વિગેરે અગ્રવાલ આગેવાનો તો વહેલાં જ બસીયા પહોંચી ગયા હતા અને ઘણા ભાવિકો માર્ગમાં જ મળતા ગયા.

આચાર્યશ્રીજીનો દબદબાભર્યા સામૈયા સાથે નગરપ્રવેશ કરાવ્યો.

આચાર્યશ્રીજી શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં પધારતાં સ્વાગતના ગાયનો ગવાયા અને એક ક્ષત્રિય ભાઇએ નગરનિવાસીઓ તરફથી આચાર્યશ્રીનો ફરી દર્શન દેવા બદલ આભાર માનતાં આચાર્યશ્રીજીએ શાસનપ્રભાવનાના કરેલાં કાર્યોની પ્રશંસા કરી હતી.

બપોરે નૂતન તૈયાર થયેલ ભવ્ય દહેરાસરમાં પૂજા ભણાવી રાતના લાલા રૂડામલજી અગ્રવાલની ધર્મશાળામાં જીરાનિવાસી શ્રીયુત બાબુરામજી જૈન એમ. એ. પ્લીડરની અધ્યક્ષતામાં જાહેર સભા ભરાઇ, ભજનમંડલીઓના ભજનો અને ભાષણો થયાં.

**શ્રી મહાવીર જયંતિ**—ચૈત્ર સુદિ તેરસ સોમવારનો દિવસ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણક દિવસ હતો. ભજનમંડલી અને કીર્તનમંડલે પ્રભુસ્તુતિ ગાતાં પ્રભાતફેરી કરી હતી.

આઠ વાગે આત્માનંદ જૈન ઉપાશ્રયથી શ્રી સંઘ સહિત આચાર્યશ્રીજી આદિ દહેરાસરે દર્શન કરી લાલા રૂડામલજી અગ્રવાલની ધર્મશાળાએ પધાર્યા.

આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં જાહેર સભા થઇ. પ્રથમ આચાર્યશ્રીજીએ **वीरः सर्वसुरासुरेन्द्र-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહિતો** એ શ્લોકથી મંગલાચરણ કર્યું અને પ્રાસંગિક વિવેચન પણ કર્યું. ભજનમંડલીઓના મનોહર ભજનો અને શ્રીયુત બાબુલાલજી જૈન એમ. એ. પ્લીડરનું સુંદર ભાષણ થયું. આચાર્યશ્રીજીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જીવન વિષયમાં સુંદર મનનીય પ્રકાશ પાડ્યો હતો.

બપોરે સમારોહથી વરઘોડો ચઢ્યો હતો. માલેરકોટલાના કાષ્ઠના સિંહો અને હાથીવાળા રથમાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા બિરાજમાન કરી હતી. આ પ્રતિમા ખંભાતના ઝવેરીવાડાના દહેરાસરમાંથી ઝવેરી મોતીલાલભાઇએ ટ્રસ્ટીઓની સંમતિથી અંબાલા સિટી પંજાબના શ્રી સંઘને આચાર્યશ્રીની ભલામણથી રથયાત્રાના માટે સાદર ભેટ કરેલી છે. પંજાબમાં ઘણા શહેરોમાં રથયાત્રા માટે આ પ્રતિમા લાવવામાં આવે છે. રાતના લાલા ખેતુરામજી જૈન નવલખા જીરાનિવાસીની અધ્યક્ષતામાં જાહેર સભા ભરાઇ. હંસરાજજી શાસ્ત્રીનું મનનીય ભાષણ થયું.

લુધીઆના, માલેરકોટલા, જગરાંવા આદિ શ્રી સંઘોની વિનંતિઓ થઇ. બાદ બેન્ડવાજાઓની સાથે આચાર્યશ્રીજી આદિ દહેરાસરે દર્શનાર્થે પધાર્યા.

અત્રે નવીન બનતું દહેરાસર ભવ્ય અને દર્શનીય છે. જોનારનું મન પ્રસન્ન થાય છે. અહીં થોડા દિવસની સ્થિરતા બાદ આચાર્ય મહારાજશ્રી વિહાર કરશે.

## મુંબઇ, શ્રી આત્માનંદ જૈન સભા.

મુંબઇની શ્રી આત્માનંદ જૈન સભાની વ્યવસ્થાપક સમિતિની એક સભા શ્રી જૈન સ્વયંસેવક મંડળની ઓફિસમાં તા. ૮-૩-૪૨ના રોજ શેઠ ફૂલચંદભાઇ શામજીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં રિપોર્ટ તથા હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પસાર થયો હતો. ચૈત્ર શુદિ ૧ના આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ મહારાજની જયંતિ ઉજવવાનું ઠરાવ્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

## મુંબઈમાં આ. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો ઊજવાયેલો જન્મ શતાબ્દિદિન.

મુંબઇની શ્રી આત્માનંદ જૈન સભાના આશ્રયે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે પંન્યાસજી પ્રીતિવિજયજી ગણિવરની અધ્યક્ષતામાં ચૈત્ર શુદિ ૧ મંગળવારના રોજ પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જન્મશતાબ્દિ દિન ઊજવવા માટે જૈનોની જાહેર સભા મળી હતી.

ઉપરોક્ત સભાના મંત્રીશ્રી વાડીલાલ શાહ, શ્રી મોતીચંદ ગિ. કાપડીયા, મોહનલાલ દીપચંદ ચોકસી તથા પ્રમુખસ્થાનેથી પં. શ્રી પ્રીતિવિજયજી મહારાજના પ્રવચનો થયા હતા અને આચાર્યવર્યના કાર્યોની પ્રશંસા કરતાં તેઓશ્રીના બાકી રહેલા કાર્યો પૂર્ણ કરવા સૂચન કર્યું હતું. બાદ સભા વિસર્જન થઇ હતી.

## પાડગોલમાં–નવપદ આરાધન.

આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં પાડગોલમાં શ્રી નવપદ ઓળીનું આરાધન સમારોહપૂર્વક કરવામાં આવ્યું હતું અને ઘણા શ્રાવક-શ્રાવિકાઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો અને ઓળી નિર્વિઘ્ન પૂર્ણ થઇ હતી. ચૈત્ર શુદિ ૧૩ના રોજ શ્રી મહાવીર જયંતિ ઊજવી હતી.

## દહેગામમાં અષ્ટાહ્નિકા મહોત્સવ.

આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય આ. શ્રીમદ્ વિજયઉમંગસૂરિજી મહારાજના સદુપદેશથી તેઓશ્રીની અધ્યક્ષતામાં પાલુંદ્રાનિવાસી શા ચીમનલાલ છોટાલાલ તરફથી દેહગામમાં વૈશાખ શુદિ ૫થી શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે અને તેને માટે ત્યાંના સંઘે આચાર્યશ્રીને દહેગામ પધારવા આમંત્રણ કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સાક્ષર શ્રી. આનંદશંકર ધ્રુવનું દુઃખદ અવસાન.

મહાગુજરાતના સંસ્કારમૂર્તિ, બનારસ હિંદુ યુનિવર્સિટીના માજી વાઇસ ચેન્સેલર, સુપ્રસિદ્ધ સાક્ષર અને અઠંગ કેળવણીકાર શ્રી. આનંદશંકર ધ્રુવનું લાંબી માંદગી પછી તા. ૭ મી એપ્રીલના રોજ અમદાવાદમાં એમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે તે જાણી અમે અમારો ખેદ વ્યક્ત કરીએ છીએ.

શ્રી. આનંદશંકર ધ્રુવના અવસાનથી મહાગુજરાતે એક સમર્થ વિદ્વાન અને સૌજન્યમૂર્તિ સાક્ષર ગુમાવ્યા છે. શ્રી. આનંદશંકરભાઇએ વર્ષો સુધી ' વસંત ' નામનું શિષ્ટ અને સંસ્કારી માસિકનું સંચાલન કર્યું હતું અને અમદાવાદની ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર હતા. મ. ગાંધીજી અમદાવાદમાં જઈ રહ્યા પછી સાક્ષર શ્રી. ધ્રુવ તેમના નિકટ પરિચયમાં આવ્યા હતા અને મહાત્માજીની ભલામણથી જ ભા. ભૂ. પંડિત માલવીયાજીએ તેમને બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલરના પદે નિયુક્ત કર્યા હતા. જ્યાંથી થોડા વર્ષો પહેલાં નિવૃત્ત થઇ તેઓશ્રી અમદાવાદ જઈ રહ્યા હતા અને પોતાના ' વસંત ' માસિકદ્વારા સાહિત્યસેવા શરુ કરી હતી. અમદાવાદના મિલ-મજૂરો અને માલિકોના ઝગડામાં મહાત્માજીની સૂચનાથી એ ઝગડો સાક્ષર શ્રી ધ્રુવની લવાદીને સોંપવામાં આવ્યો હતો તાજેતરમાં જ એમના લેખોનો સંગ્રહ કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ બે પુસ્તકો બહાર પાડ્યા છે. સાત વર્ષ પહેલાં ભાવનગરના દીવાન સાહેબ સ્વ.સર પ્રભાશંકરભાઈ પટ્ટણી સાથે તેઓશ્રી આ સભાની મુલાકાતે પધાર્યા હતા. સભાની લાઇબ્રેરી તેમજ જૈનધર્મના સંસ્કૃત-માગધી-ગૂજરાતી સાહિત્યોનું અપૂર્વ પ્રકાશન જોઈ તેઓશ્રીએ પોતાનો આનંદવ્યક્ત કર્યો હતો અને સાહિત્યના એક ઝવેરી તરીકે આ સભા તરફથી પ્રગટ થતાં સાહિત્યની કદર કરી બનારસ હિંદુ સેન્ટ્રલ કોલેજની લાઇબ્રેરી માટે સભાના પ્રકાશનના અમુક ગ્રંથોની તેઓશ્રીએ માગણી કરતાં આ સભાએ ભેટ પણ મોકલ્યા હતા તેઓ સાહિત્યના ખરેખરા પરીક્ષક હતા. આવા સમર્થ પુરુષના અવસાનથી મહાગુજરાતે એક જ્યોતિર્ધર ગુમાવ્યો છે, શારદાદેવીએ તેનો એક અનન્ય ઉપાસક ગુમાવ્યો છે તેમજ ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ન પૂરાય એવી ખોટ પડી છે. પરમાત્મા સદ્દગતના પવિત્ર આત્માને અનંત શાંતિ આપો એ જ હૃદયની અભ્યર્થના.

## ખાસ વાંચવા લાયક જૈન ઐતિહાસિક ગ્રંથ-

## " શ્રી કુમારવિહાર શતક. "

### ( મૂળ, અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમચંદ્રસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણિએ અવચૂરિ (સંસ્કૃતમાં બનાવી છે. તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર મૂળ સાથે પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે. તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશીલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે; કારણ કે આ ગ્રંથમાં ગૂર્જરપતિ જૈન મહારાજા શ્રી **કુમારપાળે** અણહીલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ (જિનમંદિર) કે જેમાં શ્રીમાન **હેમચંદ્રસૂરિએ** શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે. તે ચૈત્ય-મંદિરની અદ્દભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બહોંતેર દેવકુલીકા હતી. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીત્તળની, તેમ અતિત, અનાગત અને વર્તમાન કાળની પ્રભુપ્રતિમા હતી. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાંત મણિની પ્રતિમા હતી. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ, શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા-જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઊંચા ઇંગ્લીશ આર્ટપેપર ઊપર સુંદર ટાઇપમાં છપાવેલ છે: તમામ લાભ લઇ શકે તે માટે પ્રતાકારમાં છપાવેલ છે, પાટલી પણ ઊંચા કપડાની કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## पंचम कर्मग्रन्थः

( हिन्दी भाषान्तर )

चारों कर्मग्रन्थ पं. सुखलालजी से हिन्दी में अनुवाद कराके पहले मंडल से प्रकाशित हो चुके हैं।

पांचवाँ कर्मग्रन्थ भी उन्हीं की देखरेख में पं. कैलाशचन्द्र से हिंदी में अनुवाद कराके प्रकाशित करदिया है। कर्म फिलौस्फो के जाननेवालों के लिए यह ग्रन्थ बडे महत्त्व का है। लगभग ५०० पृष्ठ पक्की जिल्द सहित। मूल्य ३) रू० मिलने का पत्ता—

मंत्री,

श्री आत्मानंद जैन पुस्तक प्रचारक मंडल

रोशन मुहल्ला आगरा

---

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂ. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂ. ૨—૦–૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂ. ૨—૮–૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂ. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂ. ૩—૦–૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂ. ૨—૮–૦ |
| | | રૂ. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂ. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

---

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂ. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂ. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઉંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂ. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only